Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

## પુસ્તક ૪૦ મું.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेह तुरमाणा ।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

સંવત ૧૯૮૦ ના ચૈત્ર માસથી સંવત ૧૯૮૧ ના ફાગણ સુધી અંક ૧૨

## वार्षिक अनुक्रमणिका.

### ૧ પદ્યાત્મક લેખો.

નંબર
૧ દેવગુરૂ વિગેરેને વંદના. ( ભીખાભાઇ છગનલાલ )
૨ દુનિયાની અસ્થિરતા. ( નગીનદાસ ગલાલભાઈ )
૩ કુસંપ કલેશ વર્જનાષ્ટક. ( ભાઇલાલ સુંદરજી )
૪ જૈન ધર્મ પ્રકાશને પ્રેમ પુષ્પાંજલી. ( મણિલાલ કસ્તુરચંદ )
વીરાની ( જૈન ધર્મ પ્રકાશની ) વર્ષગાંઠ. ( [illegible]
જીવને ઉપદેશ. ( છગનલાલ રાયચંદ )
બોધદાયક દોહરા. ( ચુનીલાલ સૌભાગ્યચંદ )
ગુરુ અધ્યાત્મી તે જાણો. ( મુનિ કસ્તુરવિજય )
કુસંપે કેર વર્તાવ્યો.
૧૦ મહાત્માની અમૂલ્ય ચેતવણી. ( વીરચંદ [illegible] )
૧૧ બાર સોરઠા. ( ભાઇલાલ સુંદરજી )
૧૨ મન ઉપર પાટ. ( ચુનીલાલ સૌભાગ્યચંદ )
૧૩ એ તો શું એક ગમાર. ( ડાયાલાલ મલુકચંદ )
૧૪ સજ્જન શૂરવીર વીરલા. ( મણિલાલ કસ્તુરચંદ )
૧૫ હિતશિક્ષક દુહા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧૬ સમ્યક્ચારિત્ર. ( ભીખાભાઈ છગનલાલ ) ૧૮૩
૧૭ ઉપદેશક સવૈયા. ( જીર્ણપત્રપરથી ) ૧૮૪
૧૮ આત્માને ચેતવણી. ( મણિલાલ કસ્તુરચંદ ) ૧૮૬
૧૯ હજી બાકી રહેવાની છે. ( મુનિ કસ્તુરવિજય ) ૧૮૮
૨૦ ઉપદેશક પદ્ય. [ નંદલાલ વનેચંદ ] ૨૨૩
૨૧ નીતિબોધ પદ્ય. ( અમીચંદ કરશનજી ) ૨૨૪
૨૨ જીવને ઉપદેશ. ( જીવનલાલ રાયચંદ ) ૨૨૬
૨૩ ઉપદેશક પદ. ( ભાઇલાલ સુંદરજી ) ૨૨૬
૨૪ મુનિ લલિતવિજય વિરચિત પદ્ય. ( કોઇ કોઇનું નથી બેલી. ) ૨૫૧
૨૫ વૈરાગ્ય વચન. ( મેઘજી વેલજી ) ૨૫૭
૨૬ કુદરતના ખેલ. ( પુરૂષોત્તમ વીરચંદ ) ૨૫૮
૨૭ ઉપદેશ દોહરા. ( નંદલાલ વનેચંદ ) ૨૫૯
૨૮ હિતશિક્ષા. ( બે પદ્ય ) ૨૬૦
૨૯ હિતોપદેશક પદ્ય. ( વીરચંદ પુંજાલાલ ) ૨૬
૩૦ કોઇ આજ કે કાલ. ( પુરૂષોત્તમ વીરચંદ ) ૨૯૪
૩૧ પ્રસ્તાવિક પદો. ( નંદલાલ વનેચંદ ) ૨૯૧
૩૨ વ્યભિચાર ન કરવા વિષે. ( અમીચંદ કરશનજી ) ૨૯
૩૩ કાળને ભરૂંસે ન રહેવા વિષે. ( નંદલાલ વનેચંદ ) ૩
૩૪ સાચું શરણ. ( મેઘજી વેલજી ) ૨
૩૫ કીસ્મતને સૂચના. ( મણિલાલ કસ્તુરચંદ )
૩૬ નવ નિરાંત. ( મોતીલાલ નરોત્તમ )
૩૭ મળી જે લક્ષ્મી તેથી શું ? ( મણિલાલ કસ્તુરચંદ ) ૩
૩૮ બુરી પરનારની પ્રીતિ. ( મેઘજી વેલજી ) :૪
૩૯ શ્રાવકના મનોરથ. ( સુંદરલાલ ડાયાભાઈ ) ૬૫
૪૦ સાત સુખ. ( મોતીલાલ નરોત્તમ ) ૩૬૬
૪૧ સમાજને ચેતવણી. બે પદ્ય. (મણિલાલ કસ્તુરચંદ ) ૩૯૫
૪૨ જીવને ઉપદેશ. ( જીવનલાલ રાયચંદ ) ૩૯૬
૪૩ ઈર્ષ્યા. ( મોતીલાલ નરોત્તમ ) ૩૯૭


## ૨ ધાર્મિક લેખો.


૧ પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કેવા હેતુથી કરવી ? ( સ. ક. વિ. ૯
૨ શ્રી આનંદઘનજી કૃત પદોમાંથી પદ ૮૨ મું, વ્યાખ્યા સાથે ,, ૧૧
૩ ,, પદ સાતમા આઠમાની સાખી. ,, ,, ૧૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૪ શ્રી આનંદઘનજી કૃત પદ ૮૦ મું. વ્યાખ્યા સાથે (સ. ક. વિ.) ૧૩
૫ કુમારપાળ રાજાના રાસનું રહસ્ય. (તંત્રી)૧૪-૧૨૦-૧૯૮-૨૬૭-૩૩૯-૪૦૧
૬ પ્રશ્નોત્તર. (પ્રશ્નકાર દામાભાઈ મોતીચંદ) ૧૯-૪૮-૧૨૮-૧૬૧-૧૯૨-૨૩૫
૭ મૂર્તિપૂજાની વૃદ્ધિ ક્યારથી વધારે થઇ ? ( તંત્રી ) ૨૭
૮ પ્રશ્નો. ( લેખક એક મુનિ. ) ૨૮
૯ મૌનાષ્ટકનું ભાષાંતર. ( સ. ક. વિ. ) ૩૯
૧૦ વિદ્યાષ્ટકનું ભાષાંતર. ,, ૪૦
૧૧ માંસભોજન અવશ્ય છાંડવા યોગ્ય છે, ,, ૪૧
૧૨ ચાર પ્રકારના ધર્મનો રમુજી સંવાદ. ( મુ. ન્યાયવિજયજી ) ૪૨
૧૩ પ્રથમ અંકમાં આવેલ પ્રશ્નોના ઉત્તરો. (તંત્રી) ૫૫
૧૪ ,, ( સ. ક. વિ. ) ૫૬
૧૫ તપાગચ્છ ગુર્વાવળી સઝાય. ( મો. દ. દેશાઇ ) ૫૭
૧૬ વૈરાગ્યની ચાવીઓ. ( રાજપાળ મગનલાલ ) ૫૯
૧૭ જ્ઞાનીઓના સુવર્ણ વચનોની માળા. (ચુનીલાલ સૌભાગ્યચંદ) ૬૧-૮૯-૧૫૬
૧૮ જૈન સાહિત્ય સેવા. ( મૌક્તિક ) ૬૭
૧૯ પ્રશ્નોત્તર ( પ્રાચીન પત્રપરથી ) ૮૦
૨૦ તત્વાર્થનું રહસ્ય- વાર્તારૂપે ( ચમનલાલ દ. શાહ ) ૮૬-૧૩૩-૧૭૮-૨૦૪
૨૩૨-૩૧૧-૩૮૬
૨૧ તપચિંતવનનો કાયોત્સર્ગ ( તંત્રી ) ૯૭
૨૨ પ્રશ્નોત્તર ( જીવનલાલ રાયચંદ ) ૧૧૮-૨૪૧-૨૭૪-૩૦૮
૨૩ ચાતુર્માસ રહેલા મુનિ માટે યોગ્ય સૂચના. ( સ. ક. વિ. ) ૧૫૪
૨૪ શ્રી ચિદાનંદજી કૃત ૧૮ મા અષ્ટકનું ભાષાંતર. ,, ૧૫૬
૨૫ ,, ૧૯ મા અષ્ટકનું ભાષાંતર ,, ૧૫૭
૨૬ ,, ૨૦ મા અષ્ટકનું ભાષાંતર ,, ૧૫૮
૨૭ પ્રશ્નોત્તર ( હરિલાલ નાગરદાસ ] ૧૫૯
૨૮ જીવનસુધારણા કરવાથીજ પર્યુષણ સફળ લેખાય. [ સ. ક. વિ. ] ૧૮૯
૨૯ પર્યુષણ પર્વ પ્રસંગે યાદ રાખવા લાયક બોધવચનો. ,, ૧૯૦
૩૦ પરિગ્રહ મૂર્છા ત્યાગાષ્ટક ભાષાંતર. ,, ૧૯૧
૩૧ પર્યુષણ પર્વનું આરાધન કરનાર માટે બોધવચનો. ,, ૨૧૩
૩૨ નવપદ નમસ્કાર કાવ્યો સાથે. ( સ. ક. વિ ) ૨૨૭
૩૩ નવપદ સ્વરૂપ ગર્ભિત કાવ્યો. સાર્થ. [ સ. ક. વિ ) ૨૨૯
૩૪ ચઢતા અંકે શ્રાવકયોગ્ય ધર્મ ૨૪૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૩૫ હાલમાં શરૂ થયેલી નવીન પદ્ધતિ. ૨૫૦
૩૬ દૈવસિક પ્રતિક્રમણનો નિર્ણિત સમય. ૨૫૬
૩૭ ગચ્છાચાર પયન્નાની ટીકાનુસારે વ્યાખ્યા. ( સ. ક. વિ. ) ૨૬૧-૨૯૭ ૩૩૦
૩૮ પ્રશ્નોત્તર. (પ્રેમચંદ રામજી) ૨૭૨
૩૯ આત્મ જાગૃતિ. ( દુર્લભદાસ કાળીદાસ ) ૨૭૫–૩૧૫–૩૪૭
૪૦ આ તે પંચમ કાળનો પ્રભાવ કે શું ? (પુરૂષોત્તમ વીરચંદ) ૨૮૧
૪૧ પ્રતિક્રમણ કરવા યોગ્ય કાળસંબંધી સૂચના. (સ. ક. વિ.) ૨૮૬
૪૨ આવશ્યક ક્રિયાની સાર્થકતા શી રીતે થઈ શકે ? ,, ૨૮૬
૪૩ ગોલવાડ પંચતીર્થી પાસે સોમેશ્વર તીર્થ. (મુ. સુમતિવિજયજી.) ૨૮૭
૪૪ પ્રશ્નોત્તર. (હીરાલાલ જે. શાહ. ) ૩૦૩
૪૫ પ્રશ્નોત્તર. ( ઉત્તરદાતા પં. દાનવિજયજી ) ૩૦૮
૪૬ પ્રશ્નોત્તર. ( એક મુનિ ) ૩૪૩
૪૭ પ્રશ્નોત્તર ( નગીનદાસ પુનમચંદ. પારીસ ) ૩૪૪
૪૮ શ્રાવકયોગ્ય વ્યવહારૂ શિક્ષા. ( સ. ક. વિ. ) ૩૬૬
૪૯ મોહ મહિમા. ( નંદલાલ વનેચંદ ) ૩૮૩
૫૦ પ્રશ્નોત્તર. ( પુરૂષોત્તમ વીરચંદ ) ૩૭૩
૫૧ સત્શાસ્ત્રોદ્ધૃત કાંઇક સાર. ૩૭૮
૫૨ શુદ્ધ દેવગુરૂની ઉપાસના કરનારને સૂચના. ( સ. ક. વિ. ) ૩૯૮
૫૩ ભવ (સંસાર) ઉદ્વેગાષ્ટકનું ભાષાંતર. ,, ૩૯૯
૫૪ લોકસંજ્ઞા ત્યાગાષ્ટકનું ભાષાંતર. ,, ૩૯૯
૫૫ શાસ્ત્રાષ્ટકનું ભાષાંતર. ,, ૪૦૦
૫૬ પરદેશી રાજા. ( નંદલાલ વનેચંદ ) ૪૦૮


( પેટા લેખો જુદા ગણતાં કુલ લેખ ૮૧ )

## ૩ નૈતિક ને સામાન્ય ઉપદેશાત્મક લેખો.


૧ જૈન યુવકોને ઉદ્દેશીને ઉપદેશ. ( સ. ક. વિ. ) . ૭૮
૨ સુંદર બાળ વચનામૃત. ( ભાઈલાલ સુંદરજી ) ૮૮-૧૨૭-૧૭૫-૨૪૬-૩૫૩
૩ નાની ભુલનું મોટું પરિણામ. ( નંદલાલ લલુભાઈ ) ૯૩–૧૬૭
૪ ખરી શોભા શેમાં રહેલી છે ? ( સ. ક. વિ. ) ૧૧૫
૫ સજ્જનતા શી રીતે સાંપડે ? ,, ૧૧૫
૬ આ તે કેવી કઠોરતા ને પાપપરાયણતા ? ,, ૧૧૬
૭ સાર વચનો. ,, ૧૧૬
૮ નમન કરવા યોગ્ય નરો કોણ લેખાય ? ,, ૧૧૭


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૯ હિંમત ધરો. ( પી. એન. શાહ ) ૧૩૭
૧૦ સજ્જન દુર્જન વિષે દુહાનો તાત્પર્ય. ૧૪૦
૧૧ સંપ-ઐક્યતા. ( નંદલાલ વનેચંદ દફતરી ) ૧૭૩
૧૨ સુબોધ મણિમાળા. ( મણિલાલ કસ્તુરચંદ ) ૨૧૦
૧૩ દુઃખરહસ્ય. ( ઉત્તમચંદ લલ્લુભાઈ ) ૨૪૩
૧૪ દયા. ( નંદલાલ વનેચંદ ) ૨૪૬
૧૫ જિનશાસનને અંગે અંતઃકરણના ઉદ્ગારો. ( પોપટલાલ મોહનભાઇ) ૨૮૪
૧૬ સત્સંગ. ( નંદલાલ વનેચંદ ) ૩૫૪
૧૭ આપણું કર્તવ્ય શું ? ( પોપટલાલ મોહનભાઇ ) ૩૭૬
૧૮ મૃત્યુ. ( અમીચંદ કરશનજી ) ૩૯૦
૧૯ સભાના એક હિતેચ્છુ ( મો. દ. દેશાઇ )ની ખાસ સૂચનાઓ. ૪૦૬
૨૦ સારાં વચનો ( કેશવકાંત દસાડીઆ ) ૪૧૧


પેટા લેખ જુદા ગણતાં કુલ લેખ ( ૨૫ )

## ૪ પ્રકીર્ણ લેખો.


૧ નવું વર્ષ. ૫
૨ પુસ્તકો અને રિપોર્ટોની પહોંચ. ૩૨-૭૪-અંક-૪-૫ મુખપૃષ્ઠ-૧૦૮-૧૪૧-૧૮૧-૨૧૯-૨૨૨-૨૫૨-૨૫૪-૨૮૮-૨૯૦-૩૨૩-૩૨૫-૩૫૭-૩૫૮-૩૯૨
૩ જૈન યુવક પરિષદ્‌ને સૂચના. ( સ. ક. વિ. ) ૩૬
૪ ભેદભાવ મટાડી સુસંપથી રહેતાં શીખવું જોઇએ. ,, ૩૮
૫ એક મુનિરાજે કરેલી ખાસ સુચનાઓ. ૪૦
૬ વિચાર સ્પુરણ. ( વીરચંદ પુંજમલ ) — ૧૭૬
૭ જૈન બંધુઓને નમ્ર વિનંતિ. ( અમીચંદ કરશનજી ) ૨૦૮


પેટા લેખ જુદા ગણતાં કુલ લેખ ( ૨૪ )

## ૫ વર્તમાન સમાચારને લગતા લેખો.


૧ વર્ત સમાચાર ૩૦-૧૦૭-૨૯૦-૩૫૯-૪૨૫
૨ :માં જૈન બોર્ડીંગનો મેળાવડો. ૬૨
૩ સાતમી સાહિત્ય પરિષદ્‌માં જૈન વિભાગ, ૬૫
૪ છાણી સમાચાર. ૬૬
૫ એક સભાસદ હરજીવન પુરૂષોતમનું ખેદકારક મૃત્યુ. ૭૪
૬ શ્રી તાલધ્વજગિરિ ઉપર પ્રતિષ્ઠા મહોત્સવ. ૯૮
૭ જૈન સાહિત્ય પરિષદ્‌માં થયેલા ઠરાવો. ૧૩૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૮ જૈન યુવક પરિષદનો હેવાલ ને ઠરાવો. ૧૪૩
૯ જૈન એસોશીએશન ઓફ ઇંડિયાનો ચાલતો પ્રયાસ. અંક ૮ મુખપૃષ્ઠ
૧૦ શેઠ શ્રીકાંત વિદ્યાર્થીઓમાં સારી સોબતનું સારૂં પરિણામ. ૩૨૨
૧૧ મુનિરાજશ્રી ચારિત્રવિજયજીની જયંતિ. અંક ૯ મુખપૃષ્ઠ
૧૨ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના નવા મકાનનું વાસ્તુ. ૩૫૬
૧૩ આચાર્ય શ્રી વીરવિજયજીનો સ્વર્ગવાસ. ૨૧૪
૧૪ માનવંત ખેદકારક મૃત્યુની નોંધ. (શેઠ મોતીલાલ મુળજી અને શાંતિલાલ પુરૂષોત્તમદાસ) ૩૬૦
૧૫ મુનિરાજશ્રી ગુણવિજયજીનો સ્વર્ગવાસ. ૩૬૩
૧૬ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ બોલાવવાનો ઠરાવ. ૩૯૪
૧૭ એક હર્ષદાયક સમાચાર. ( દેવાસ સ્ટેટમાં તમામ હિંસા બંધ ) ૩૯૬
૧૮ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનું નવું મકાન બંધાતાં તે ખોલવા સંબંધી મેળાવડાનો હેવાલ. ૪૧૬
૧૯ રાજકોટ પ્રાણી રક્ષક પરિષદનું અધિવેશન ૪ થું. ભાવનગર. અંક ૧૧ મુખપૃષ્ઠ
૨૦ ખાસ ધ્યાન આપો. (મહાત્માનાં વાક્યો) અંક ૧૨ મુખપૃષ્ઠ


પેટા લેખો જુદા ગણતાં કુલ લેખ ( ૨૪ )

બારે અંકની પૃથક્ પૃથક્ અનુક્રમણિકામાં અંક ૨જા ના પૃષ્ટ ૭૪ ઉપરનો એક લેખ, અંક ચોથા પાંચમા ઉપરના ટાઇટલમાં આપેલ રિપોર્ટની નોંધ, અંક છઠ્ઠામાં શ્રીવીરવિજય સૂરિના મૃત્યુની નોંધ લખાયેલ નથી તે-કુલ ૩ લેખ વધવાથી બારે અંકના અને આમાં આપેલા પાંચે વિભાગના પેટા ભાગના લેખો ગણીને કુલ લેખો ૧૯૭ થાય છે.

વધારો—અંક બીજામાં પૃષ્ટ ૧૦, અંક ત્રીજામાં ૪, અંક ૪ થામાં ૮, અંક છઠ્ઠામાં ૮, અંક ૭ મામાં ૨, અંક ૮ મામાં ૪, અંક ૯ મામાં ૨ અને અંક ૧૦ મામાં ૨—કુલ ૪૦ પૃષ્ટ વધારે આપ્યા છે. પૃષ્ટ ૩૬૧–૨ લખાયા નથી, તેથી કુલ પૃષ્ટ ૩૮૪ના ૪૨૬ થયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

# શ્રી
# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૪૦ મું. અંક ૧ લો. | ચૈત્ર. સંવત ૧૯૮૦

## अनुक्रमणिका.


૧ દેવગુરૂ વિગેરેને વંદના (ભીખાભાઈ છગનલાલ) ૧
૨ દુનીયાની અજાયબી. (નગીનદાસ ગટાભાઈ) ૩
૩ કુસંપ ક્લેશ વગ નાટક. (ભાઈલાલ સુંદરજી) ૪
૪ નવું વર્ષ. .... .... .... .... .... .... .... ૫
૫ પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કેવા હેતુથી કરવી ? (સ. ક. વિ.) ૯
૬ આનંદઘનજી કૃત પદોમાંથી પદ ૮૨ મું. વ્યાખ્યા સાથે. ૧૧
૭ ,, પદ ૮૦ મું. ,, ૧૩
૮ પદ સાતમા-આઠમાની ચર્ચા ,, ૧૨
૯ કુમારપાળ રાજાના રાસનું રહસ્ય. .... .... ૧૪
૧૦ પ્રશ્નોત્તર. (પ્રશ્નકાર ડાહ્યાભાઈ મોતીચંદ) ૧૯
૧૧ મૂર્તિપૂજાની વૃદ્ધિ ક્યારથી વધારે થઈ ? ૨૭
૧૨ પ્રશ્નો. (લેખક-એક મુનિ.) ૨૮
૧૩ જૈનધર્મ પ્રકાશને પ્રેમ પુષ્પાંજલી .... .... ૨૯
૧૪ વર્તમાન સમાચાર .... .... .... .... ૩૦
૧૫ પુસ્તકો ને રીપોર્ટોની પહોંચ. .... .... ૩૨


પ્રગટ કર્તા
વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૮-૦ શ્રી જૈનધર્મ પ્રસારક સભા.
પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભાવનગર

ભાવનગર-'શારદાવિજય' પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

### ૧ છપાય છે.

૧ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર–વિભાગ ૨ જો.
૨ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૭–૮–૯ (આવૃત્તિ ત્રીજી.)
૩ શ્રી વર્ધમાન દેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે.
૪ શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય. (જૈનધર્મપ્રકાશમાંથી)
૫ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૩ થી ૬. (આવૃત્તિ ૩ જી.)
૬ શ્રી ભોજ પ્રબંધ ભાષાંતર.
૭ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. મૂળ, સાર્થ. કથાઓ સહિત.
૮ પ્રભાસ યાત્રાનો અનુભવ. (આવૃત્તિ બીજી)

### ૨. તૈયાર થાય છે.

૯ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર
૧૦ શ્રી પ્રકરણ પુષ્પમાળા. વિભાગ ૩ જો.–(નાના નાના પ્રકરણો–સાર્થ.)
૧૧ ચારે દિશાના તીર્થોની તીર્થમાળા. (સાર્થ)

---

### સભામાં નવા દાખલ થયેલા મેમ્બરો.

#### લાઇફ મેમ્બરો.

૧ ઝવેરી. જમનાદાસ મુળચંદ. વીસનગર—હાલ મુંબઈ.
૨ શેઠ. દેવીદાસ કાનજીભાઈ. માંગરોળ—હાલ મુંબઈ.
૩ શા. તારાચંદ રતનજી. ભાવનગર. (પેલાવર્ગમાંથી)
૪ શેઠ દેવચંદ દામજી. જૈન પત્રના અધિપતિ—ભાવનગર.
૫ શાહ શા. ભાઈચંદ વીડલદાસ. વરતેજ—હાલ કલકત્તા. વાર્ષિક મેમ્બર.

## જાહેર ખબર.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

શ્રી સારાભાઈ મગનભાઇ મોદીલોન સ્કોલર શીપ ફંડ. આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને (૧) હાઇસ્કુલમાં (૨) ટ્રેઈનિંગ સ્કુલ કે કોલેજમાં અભ્યાસ કરવા અર્થે (૩) મિડવાઇફ કે નર્સ થવા માટે (૪) હિસાબી જ્ઞાન લેવા માટે (૫) કળા કૌશલ્ય, ચિત્રકળા, ફોટોગ્રાફી, ઇજનેરી, વીજળી આદિનું કામ શિખવા માટે (૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે, તેમજ રાષ્ટ્રિય શિક્ષણ માટે જરૂર પૂરતી આર્થિક સહાય લોનરૂપે આપવામાં આવશે. સહાય લેવા ઇચ્છનારે અરજી પત્રક નીચેને શિરનામેથી મંગાવી લેવું અને તે ભરી મોકલવું. વિશેષ જરૂરી વિગતો પુછાવવાથી તે સર્વનો ખુલાસો મળી શકશે.

મુંબઈ તા. ૬-૪-૧૯૨૪ } મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

ઓનરરી સેક્રેટરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત્ત ( બે ઘડી ) પણ ઘણા વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં" ( વિલંબ કરીશ નહીં. )

પુસ્તક ૪૦ મું. ] ચૈત્ર-સંવત ૧૯૮૦. વીર સંવત ૨૪૫૦. [ અંક ૧ લો.

## देव गुरु विगेरेने वंदना.

(લેખક-શા. ભીખાભાઇ છગનલાલ)

હરિગીત.

આદિ અજિત સંભવ અભિનંદન શ્રી સુમતિનાથના,
પદ્મપ્રભુ શ્રીસુપાર્શ્વ ચંદ્ર, સુવિધિ શીતલનાથના;
શ્રેયાંસ વાસુપૂજ્ય. વિમલ અનંત ધર્મજિણંદના,
તીર્થેશ ચક્રી ઉભય, શાંતિ કુંથુ અર પદવંદના. ૧
મલ્લી મુનિસુવ્રત નમિ શ્રીનેમીજિનને વંદના,
કમઠેકદર્થિત પાર્શ્વશ્રી સમ-ચિત્ત જિનને વંદના;
શાસનપતિ ત્રિશલાતનય મહાવીરજીને વંદના,
સુર અસુર ઈંદ્ર સમુચ્ચયે શ્રી સેવ્ય વિભુને વંદના. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વંદના મમ વંદના પાદારવિંદે વંદના,
પાદારવિંદે વંદના અરૂણોદયે હો વંદના;
અરૂણોદયે હો વંદના પ્રતિસમય હોજો વંદના,
કર્મબીજ નિકંદના મમ વંદના હો વંદના.x 3
ગત ભાવી ચોવીશી અને આ વર્તમાને વંદના,
શ્રી સીમંધર સ્વામી આદિ વિહરમાનને વંદના;
મરૂદેવી ત્રિશલાદેવી આદિ માત ચરણે વંદના,
નૃપ નાભિરાય સિદ્ધાર્થ આદિ તાત ચરણે વંદના. ૪
ચોત્રીશ અતિશય યુક્ત શ્રી અરિહંતજીને વંદના,
સામાન્ય જિનવર કેવલી ગણને અમારી વંદના;
સાદિ અનંત સ્થિતિ--પ્રભુ શ્રી સિદ્ધજીને વંદના,
પંદર પ્રકારે સિદ્ધજી તે સર્વને અમ વંદના. ૫
પુંડરીક સ્વામી ગૌતમાદિ ગણધરોને વંદના,
ઉત્પાદ ધ્રુવ વ્યય દ્વાદશાંગીમાં ગુંથે ગુરૂ વંદના;
મમ વીર વ્હાલા વીર વ્હાલા વીર દૃઢ એ ઝંખના,
એવા પ્રભુ રાગી બન્યા વીતરાગ ગોયમ વંદના. ૬
જિનબિંબ છે જિનતુલ્ય તેને વંદના મમ વંદના,
જ્યાં જ્યાં મણિ પાષાણ ધાતુના બધે ત્યાં વંદના;
સુરલોક મધ્ય પાતાલમાં ત્યાં ત્યાં બધે હો વંદના,
અભિધાન આદિ ચાર નિક્ષેપે સદા મમ વંદના. ૭
જ્યાં જ્યાં થયા કલ્યાણકો સર્વત્ર ત્યાં ત્યાં વંદના,
જે જે ભૂમિ પાવન થઇ રજ શિરે નામી વંદના;
જે કંકરો પર ધ્યાન ધરી શંકર બન્યા ભીડભંજના,
સિદ્ધિવધૂ વરમાળ સંકેતિક શિલાને વંદના. ૮
તીર્થેશ શ્રીમુખ વાણીમાં જેને પ્રશંસા સ્થાન છે,
તીર્થેશ શ્રી શત્રુંજયાદિ વિવિધ વર અભિધાન છે;

x આ ત્રીજું કાવ્ય ઇચ્છા હોય તો દરેક કાવ્યની પછવાડે બોલી શકાય તેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શત્રુંજયી સરિતા સુશોભિત કુંડ સૂરજ ચંદ્ર જ્યાં,
કુક્કુર મટી નૃપતિ થયા, એ વિમલગિરિને વંદના. ૯
ગિરિનાર નેમિપદવિભૂષિત તીર્થ સુંદર વંદના,
સમ્મેતશીખરે આબુજી અષ્ટાપદે મમ વંદના;
વૈભાર કનકાચલ સુમેરૂ પર્વતે મમ વંદના,
ત્રણ લોકમાં સૌ તીર્થમાં સર્વત્ર મારી વંદના. ૧૦
જિનવાણી માર્ગપ્રદીપિકા તેને હમારી વંદના,
સંચય સ્વરૂપ સત્શાસ્ત્રને તન્મય હમારી વંદના;
એ શાસ્ત્રને આગળ ધરી નિજ આત્મ પરહિત સાધતા,
આચાર્ય શ્રી ઉવઝાય સાધુગણ ચરણમાં વંદના. ૧૧

## દુનીયાની અજાયબી.

(કાકા આ તે કેવી અજાયબી—એ દેશી.)

દેખી દુનીયામાં કેવી અજાયબી; પાપી પરપંચે પામે છે સાહીબી; દેખી૦
ઝાઝી કન્યા જેઓ વ્હાય; પૂરા પૈસા તેથી પાય;
કરતા સાટા ને કુલીનો ગણાય બી, (૨) દેખી૦ ૧
દગો કરી મેળે દામ, હક્ક રહેવાનું હરામ;
સાચો થાવા એ સોગન ખાય બી, (૨) દેખી૦ ૨
ઝાઝાં રાખે સૌથી ઝેર, કુડાં વરતાવી દે કેર;
જીવ જોખમ એથી વહોરાય બી, (૨) દેખી૦ ૩
સપ્ત વ્યસનમાં શૂર, ભર્યો ભૂંડાપેથી પૂર;
છાપાં ટીલાં સંધ્યા કરે ન્હાય બી, (૨) દેખી૦ ૪
દેવ ગુરૂ દાને દૂર, ધર્મ ધ્યાન જ્ઞાને ક્રૂર;
ડોળ ઉપરનો ધર્મી દેખાય બી, (૨) દેખી૦ ૫
દાખે વૈરાગીનો ડોળ, પૂંઠે ચાલે પોલંપોલ;
નહીં કો શુદ્ધિ બની છે નાલાયકી, (૨) દેખી૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાણી છલતાં કો ના પાય, મરણે મ્હોટું દુઃખ મનાય;
વચ્ચે પડ્યાં લાડુ મુંહે થાય બી. (૨) દેખી૦ ૭
ગાણો કાઢી ગાવે ગીત, એથી થાવે ના પ્રીત;
ભીંડી વાળી તેઓની મનાય બી. (૨) દેખી૦ ૮
સાગી સાસ્સો મ્હેરી જાય. ગણુ બ્હેની ના પોસાય;
રૂતી સાણું રોકાણી સાહેબી, (૨) દેખી ૦ ૯
ચાલ્યો દુનીયા ઉંધો ચાલ, ચેતી ચાલો સીધો ચાલ;
ખતા નહિ તો નગીના ખવાય બી, (૨) દેખી૦ ૧૦

**નગીનદાસ ગટાભાઇ—સમૌ—સ્ટેશન ડાંગરવા.**

## કુસંપ કલેશ વર્જનાષ્ટક.

ભુજંગી છંદ.

કજીઆ પડે કષ્ટ જે કાર્યમાંહી, કદી દેખશો જ્યાં કુશે કલેશ ત્યાંહી;
ધરી ખંતને તે રોકે કો ન વારી, કરો કાર્યસિદ્ધિ અરિ કલેશ ટાળી. ૧
... મિત્રતા હોય ખીરનીર જેવી, વસે કલેશ ત્યાં તો જરાએ ન રેવી;
... સાધુસંગે તજો મિત્રચારી, કરો કાર્યસિદ્ધિ અરિ કલેશ ટાળી. ૨
... મૂર્ખ જે કલેશને નિત્ય સેવે, તેથી આતમા પણ દૂર રેવે;
... કીર્તિનાશું જો વિચારી, કરો કાર્યસિદ્ધિ અરિ કલેશ ટાળી. ૩
... ઘર ઋદ્ધિ વૃદ્ધિ જેહ જોવે, બની જાણ મુકો નહીં તેહ હારે;
... નિત્ય ભંડારમાં લક્ષ્મી ભારી, કરો કાર્યસિદ્ધિ અરિ કલેશ ટાળી. ૪
... કરી ઉદ્દભવે રોગ પૂરા, હણાયે નહીં વૈદ્યથી તેહ પૂરા;
નિરોગી બનો સુખી બીજાને ભાળી, કરો કાર્યસિદ્ધિ અરિ કલેશ ટાળી. ૫
ભલે સુખ સૌ વાતનું પુન્ય યોગે, ધન ધાન્ય ને પુત્ર પરિવાર જોગે;
હણે સુખને કલેશ હોવે જો ભારી, કરો કાર્યસિદ્ધિ અરિ કલેશ ટાળી. ૬
... હોય સંપે કરી પુષ્ટ જાડી, કદી બાંધતાં જોરથી બેસ ગાડી;
... તોડશે જે કુશે કલેશકારી, કરો કાર્યસિદ્ધિ અરિ કલેશ ટાળી. ૭
... આપજો સંપની નિત્ય સેવા, વળી આપજો બુદ્ધિ પરગુણ લેવા;
... બાળ સુંદર હૃદયે વિચારી, કરો કાર્યસિદ્ધિ અરિ કલેશ ટાળી. ૮

ભાઇલાલ સુંદરજી મહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નવું વર્ષ.

પરમાત્માની કૃપાથી અને ગુરૂમહારાજની અમીદૃષ્ટિથી તેમજ સધર્મી બંધુઓની મિષ્ટદૃષ્ટિથી આ માસિક પોતાની વયમાં અવિચ્છિન્નપણે વૃદ્ધિ કર્યે જાય છે. અત્યારે ૩૯ વર્ષ પૂરા કરી ૪૦ મા વર્ષમાં તે પ્રવેશ કરે છે. ગયું વર્ષ ૧૩ માસનું હતું, પરંતુ અંકો તો બારજ આપેલા છે. પૃષ્ટમાં ૨૨ વધારે આપ્યા છે. લેખોની સંખ્યામાં વધારો થયો છે, તે સાથે તેમાં જેમ બને તેમ હિતકારક વિષયોની વૃદ્ધિ કરવામાં આવેલ છે. દ્વિર્ભાવવાળા અથવા મતભેદવાળા વિષયને સ્થાન આપવામાં આવેલ નથી, તેમજ કોઇની પણ અંગત ટીકા ન કરવાનો કે કલેશને ઉદીરણા નહીં કરવાનો આ માસિકનો મૂળથીજ ઉદ્દેશ છે તે અખંડ જાળવી રાખ્યો છે. ગ્રાહકોની સંખ્યામાં દિનપરદિન વૃદ્ધિ થતી જાય છે તે તેનું લોકપ્રિયપણું સૂચવે છે. તેના કાર્યવાહકો—પ્રકાશકો નિરંતર પોતાની ભૂલ થઈ હોય કે થતી હોય તે તે સુધારવાને અંતઃકરણથી ઉત્સુક છે; તેથી હિતેચ્છુ મુનિ મહારાજાઓએ તેમજ સુજ્ઞ ગૃહસ્થોએ કાંઈ પણ ભૂલ જણાય તો તે તરતજ સ્પષ્ટપણે યોગ્ય ખુલાસા સાથે લખી દેવાની કૃપા કરવી. જેથી જાહેરમાં જણાવવા જેવું હશે તો તેમ કરવામાં પણ આ માસિકના પ્રકાશકો આંચકો ખાશે નહીં. કેટલાક મહાત્માઓ ભૂલ જાણે છતાં લખવા કૃપા કરે નહીં અને અન્યને વાત કરે તેથી અમારી ભૂલ સુધરતી નથી, અને વાસ્તવિક હિત થતું નથી, તેથી તેવા મહાત્માઓને ઉપર લખ્યા પ્રમાણેની અમારી પ્રાર્થના છે. વળી ખોટી નકામી અંગત ટીકા કરનારાઓને જવાબ સુદ્ધાં ન આપવાનો અમારો રીવાજ પણ અમે ચાલુ રાખેલ છે.

ગત વર્ષમાં પ્રશ્નોત્તરોને લગતા લેખ વધારે આવેલા છે, તેથી તેમાં કોઇ પણ પ્રશ્નનો ઉત્તર આપવામાં ભૂલ થઇ હોય તો તે શાસ્ત્રાધાર સાથે અથવા દલીલ સાથે લખી મોકલવા કૃપા કરવી, જેથી અમે તેવી ભૂલ તરતજ સુધારી લેશું. આ માસિકનો હેતુ આપણા અજ્ઞાનવર્ગને બની શકે તેટલો બોધ આપી સન્માર્ગે ચડાવવાનો, તેમજ ધર્મના પૃથક્ પૃથક્ અંગોનું વાસ્તવિક સ્વરૂપ પ્રગટ કરવાનો છે, તેને અનુસારે લેખો આપવાની પ્રવૃત્તિ થાય છે. કોઇ સુજ્ઞ ગદ્ય કે પદ્ય હિતકારક વિષય લખી મોકલે છે તો તેને તરતજ સ્થાન આપવામાં આવે છે, વિચારભેદવાળા અથવા કોઇ પણ જાતના મતભેદને ઉત્પન્ન કરે તેવા અને અશુદ્ધ લેખોને સ્થાન આપવામાં આવતું નથી. આવેલા લેખોમાં જરૂર પૂરતો સુધારો કરવાનું પણ અમે અમારી સત્તામાં રાખેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગતવર્ષમાં પાંચ પ્રકારના મળીને અન્ય અન્ય નામથી ૧૫૩ અને પેટા ભાગ ગણતાં ૨૦૨ લેખો આપવામાં આવ્યા છે. તેમાં પદ્યાત્મક લેખો ૪૭ આપેલા છે અને ૧૫૫ ગદ્યાત્મક લેખો આપેલા છે. ગદ્યાત્મકમાં ધાર્મિક લેખો પેટાભાગ જુદા ગણતાં ૬૯, નૈતિક અને સામાન્ય ઉપદેશક લેખો ૩૫, પ્રકીર્ણ લેખો ૩૮, ને વર્તમાન સમાચારને લગતા લેખો ૧૩ આવેલા છે. પદ્યબંધ લેખોનાં ૮ તો લેખકના નામ વિનાના આવેલા છે, ૬ સુંદરલાલ ડાહ્યાભાઈના, ૪ અમૃતલાલ માવજીના, ૪ મુનિ કસ્તુરવિજયજીના, ૬ ભીખાભાઈ છગનલાલના એ શિવાય ૪ લેખકોના બે બે અને અગ્યાર લેખકોના એકેક આવેલા છે. આ બધા લેખો તેનો મોટો ભાગ વાંચવાથી ખાસ મનપર અસર કરે તેવા છે, વારંવાર વાંચવાની અને બીજાઓને સંભળાવવાની ઇચ્છા થાય તેવા છે. અમે અમારા વાંચનારાઓને ફરી ફરીને તે વાંચવાની ભલામણ કરીએ છીએ.

ગદ્ય લેખો પૈકી મોટો ભાગ સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજનો અને તંત્રીનો છે. મુનિરાજશ્રી કર્પૂરવિજયજીના નાના મોટા એકંદર ૪૦ લેખો આવેલા છે, તેમાં ચિદાનંદજી મહારાજના પદોના લેખ ૬ વખત આવેલા છે અને તેમાં પદો ૧૦ આવેલા છે. તે શિવાય ૧૯ લેખો ધાર્મિક, ૧૪ નૈતિક અને એક પ્રકીર્ણમાં સ્ત્રી કેળવણીના અંગના પાંચ પાઠનો આવેલો છે. એમના દરેક લેખમાં હૃદયના શુદ્ધ ઉદ્ગાર હોય છે અને તે વાંચનારને એકાંત લાભજ કરે તેવા સચોટ હોય છે, પરંતુ તે વાંચતાં જરાક તેમાં મન પરોવવું જોઇએ.

તંત્રીના લેખો એકંદર પેટાભાગ જુદા ગણતાં ૬૮ થાય છે. તેમાં કેટલાક નાના નાના પણ છે. શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય નવ અંકમાં આપીને તે લેખ પૂર્ણ કરેલ છે. તેની જુદી બુક પણ છપાય છે. આ લેખ જૈનવર્ગના આબાળવૃદ્ધ સર્વને વ્યવહારમાં તેમજ ધર્મક્રિયામાં-સર્વ કાર્યમાં બહુજ ઉપયોગી છે. પ્રશ્નોત્તરના લેખ ૧૮ વિભાગમાં આપવામાં આવેલ છે. એમાં ઘણી ઉપયોગી બાબતોના ખુલાસા આપેલા છે. એ બધો ગુરૂમહારાજની કૃપાનો મહિમા છે. કોઇ પણ મુનિરાજ કે ગૃહસ્થ તરફથી તેમાં ભુલ બતાવવામાં આવી નથી, પરંતુ તંત્રી છદ્મસ્થ હોવાથી ભૂલ થવાનો સંભવ માને છે અને તે માટેજ વારંવાર તેને અંગે ભૂલ બતાવવાની પ્રાર્થના કરવામાં આવે છે. આ પ્રશ્નોત્તરમાં પ્રશ્નકાર પોરબંદરવાળા ઓધવજીભાઈ ગીરધર દ્રવ્યાનુયોગના સારા અભ્યાસી હતા, તેથી તેમના પ્રશ્નો દ્રવ્યાનુયોગના ઇચ્છકને ઉપયોગી આવતા હતા, પરંતુ તે બંધુ કાર્ત્તિક શુદિ પંચમીએ એકાએક પંચત્વ પામી જવાથી તેવા પ્રશ્નકારની પણ ખોટ પડી છે. બીજા પ્રશ્નકાર ડાહ્યાભાઈ મોતીચંદ બોરપારવાળા ઉત્સાહી યુવાન છે. તેના પ્રશ્નો બાળકથી માંડીને વૃદ્ધ પર્યંત સૌને ઉપયોગી થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવા આવે છે. બીજા પ્રશ્નકારો પણ ઉત્સાહી અને અન્યનું હિત તથા ખુલાસા થાય તેવા પ્રશ્નોના પૂછનારા છે. તે દરેકના નામ અહીં આપવામાં આવ્યા નથી; કારણ કે દરેક માસિકમાં તેમના નામ આપવામાં આવેલ છે. આ બે લેખ શિવાય એક લેખ ધર્મ ક્રિયા વિવેકનો છે, તે બે અંકમાં આવેલ છે, ખાસ ઉપયોગી છે. ધાર્મિક લેખોમાં બીજા બે લેખ છે તે પણ ઉપયોગી છે. પ્રકીર્ણના મથાળા નીચે પુસ્તકો ને રિપોર્ટોની પહોંચ ૧૩ વિભાગે આપેલ છે. તેમાં બતાવેલા પુસ્તકો ને રિપોર્ટો સંબંધી અભિપ્રાયો લક્ષમાં લેવા લાયક છે, અને તેમાંના કેટલાક પુસ્તકો ને રિપોર્ટો મંગાવીને ખાસ વાંચવા લાયક છે, સ્ફુટ નોંધ આ વખત એક અંકમાંજ આપેલ છે. બાકીના ૧૧ લેખ પ્રકીર્ણના મથાળા નીચે છે, તેમાં મોટે ભાગે નાના લેખો છે, પણ તે બધા જાણવા સમજવા જેવી હકીકતો લક્ષ્યમાં લાવનારા છે. વર્તમાન સમાચારના મથાળા નીચે ૧૩ લેખો આવેલા છે, તેમાં એક સૌરાષ્ટ્ર પત્રથી લીધેલો છે, બાકીના ૧૨ તંત્રીના લખેલા છે, પરંતુ તે બધા મહોત્સવાદિકની હકીકત બતાવનારા અને તેવા કાર્યનું દિગ્દર્શન કરાવનારા તેમજ માર્ગદર્શક પણ છે. વાંચનારા બંધુઓ તે લક્ષ્યપૂર્વક વાંચતાજ હશે એમ જણાય છે.

ઉપર બતાવ્યા શિવાયના ૪૭ લેખો જુદા જુદા લેખકોના લખેલા આવેલ છે. તેમાં ૩ લેખ મૌક્તિક ( મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ-સોલીસીટર ) ના છે. બે વિચારણા ને અવલોકનના મથાળા નીચે છે અને એક જૈન સાહિત્ય સેવાના મથાળાવાળો છે. આ લેખો ખાસ વાંચવા લાયક અને વિચારવા લાયક-મનનીય છે. ૬ લેખ જયંતીલાલ છબીલદાસના છે, ૩ મોહનલાલ ડી. ચોકસીના છે, ૩ અમૃતલાલ છોટાલાલના છે, ૨ મુનિ. ચમરેંદ્રવિજયના છે, ૨ પરભુદાસ પારેખના છે, ૨ રાજપાળ મગનલાલના છે, ચીમનલાલ દલસુખ શાહનો નવો શરૂ કરેલો તત્ત્વાર્થ વાર્તા રૂપે-એ લેખ બે અંકમાં આવેલ છે, અને બાકીના ૨૪ લેખ જુદા જુદા લેખકોના છે, તેમાં નવજીવન ને સૌરાષ્ટ્રમાંથી લીધેલા બે લેખો છે, રા. કાલેલકરનો લખેલ એક લેખ છે. ચાર પાંચ લેખ મુનિઓના લખેલ છે અને બીજા જૈન બંધુઓના લખેલા નાના મોટા લેખો છે. એ સર્વ લેખકોનો અંતઃકરણથી આભાર માનવામાં આવે છે, અને પ્રસ્તુત ( નવા શરૂ થતા) વર્ષમાં પણ એજ પ્રમાણે ઉત્સાહપૂર્વક સારા લેખ મોકલી આભારી કરશે એવી આશા રાખીએ છીએ.

નવા વર્ષમાં સન્મિત્ર તરફથી તો લેખો નવા નવા વિષયપરત્વે આવ્યાજ કરશે એવી આશા રાખીએ છીએ, તે સાથે અન્ય મુનિ મહારાજાઓને પણ શાસ્ત્રાધાર સાથેના લેખો લખી મોકલવા પ્રાર્થના કરીએ છીએ. કેટલાક મુનિઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ગૃહસ્થ વિદ્વાનો લેખો લખી મોકલવામાં ઉપેક્ષા કરે છે અને અલ્પભંડોળ ભાંગ્યા-ભાગ્યા જ્ઞાન વિનાના-શાસ્ત્રાવબોધની અલ્પતાવાળા કેટલાક બંધુ લેખો લખી મોકલે છે, તેમને ના પાડતા કે લેખ પાછો મોકલતા પણ શરમ આવે છે. માટે શક્તિવાને લેખો મોકલવાની કૃપા કરવી અને અલ્પ શક્તિવાને શક્તિ કેળવ્યા પછી લેખો મોકલવા. પ્રશ્નોત્તરવાળો લેખ શરૂ રહેવા સંભવ છે, ઘણા બંધુઓ પ્રશ્નો કરવાના ઉત્સુક છે. તેમને અમારૂં આમંત્રણ પણ છે, અમે એવા લેખોથી લાભ સમજીએ છીએ, કારણકે કેટલીક વાત પ્રસંગેજ કહી શકાય છે, પ્રસંગ વગર કહેવાતી નથી. તત્ત્વાર્થ-વાર્તા રૂપે-વાળો લેખ શરૂ રહેવાનો છે. અન્ય પણ એવા લેખો લખે એ ઇચ્છવા યોગ્ય છે. હિતશિક્ષાના રાસનુ રહસ્ય પૂર્ણ થવાથી કુમારપાળ રાજાના રાસનું રહસ્ય લખવાની કેટલાક બંધુની પ્રેરણા થઇ છે. એ મહારાજાના ચરિત્ર ઉપરથી બે ત્રણ પંડિતોએ રાસ બનાવેલા છે, તેમાંથી ઋષભદાસજીનો કરેલો રાસ વધારે ઠીક જણાવાથી તેના ઉપરથી રહસ્ય લખવા ધારણા છે. મૌક્તિકના લેખ વાંચકોને વધારે પસંદ પડતા અને વિદ્વત્તા ભરેલા હોવાથી તેના લેખ લેવા ખાસ ઇચ્છા રહે છે, તે પણ આવવા સંભવ છે. ધર્મક્રિયાના વિવેકને અંગે હજુ ઘણા લેખ લખવાના છે. આ સંબંધમાં જે વિવેકની ખામી છે તે હજુ આપણે બરાબર જોઇ શકતા નથી. તે લેખદ્વારા ચક્ષુથી બતાવવા અમારી ઇચ્છા છે. એકની એક ક્રિયા વિવેકપુરઃસર કરવામાં આવે અને વિવેકશૂન્ય કરવામાં આવે તેમાં કેટલો ભેદ પડે છે, તે સુજ્ઞોજ જોઇ શકે છે. પુસ્તકો રીવ્યુ માટે આવવાની શરૂઆત ઠીક થઇ છે. તેમાં પુસ્તક મોકલનારને પણ લાભ છે. રિપોર્ટો વિશેષ આવવા લાગ્યા છે. દરેક સંસ્થાને હવે તેની ફરજ આવી પડી છે અને તે જરૂરની પણ છે.

વર્તમાન સમાચારના મથાળા નીચે આવતા લેખની આવશ્યકતા એટલા માટે છે કે તેવું કાર્ય મહોત્સવ, તીર્થયાત્રા, પ્રતિષ્ઠા, ઉપધાન ક્રિયા, સ્વામીવાત્સલ્ય વિગેરે જે વિવેકપૂર્વક અને ઉદારતાથી કરે છે, તેની વિસ્તારથી લખેલી હકીકત વાંચવાથી બીજા જૈન બંધુઓને તે માર્ગદર્શક થઇ પડે છે. સ્ફુટ નોંધ અને ચર્ચાના મથાળા નીચે જે લેખ લખાય છે તે પણ એવા શુભ હેતુથીજ લખાય છે, કે તે વાંચવાથી તે તે કાર્ય પરત્વે કેટલુંક જરૂરનું અજવાળું પડે.

પદ્યલેખો હવે બહુ આવવા લાગ્યા છે, પરંતુ તેમાં પ્રશંસાપાત્ર લેખોની સંખ્યા બહુ ઓછી હોય છે, ભાષાનું કે વૃત્તવિગેરેનું અથવા ખરા રાગનું જ્ઞાન ન હોય છતાં પદ્ય બનાવીને મોકલી આપે છે, તેને માટે ના લખતાં કે તેમ પાછો વાળતાં શરમાવું પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાત્માની કૃપાથી પ્રસ્તુત વર્ષ બહુ આનંદકારક નીવડવા સંભવ છે. આ માસિક પણ ઉત્તમ ઉત્તમ લેખોથી ભરપૂર થઇને નીકળે જેથી તેના વાંચનારા ગ્રાહકો ભરવાના લવાજમને લાભના પ્રમાણમાં બહુ અલ્પ સમજે તેમજ સભાસદો કે જેમને માસિક ભેટ દાખલ મળે છે તેઓ પણ તેના લાભથી સંતુષ્ટ થાય અને આત્મિક આનંદ મેળવે એમ અમે ઇચ્છીએ છીએ.

પ્રસ્તુત વર્ષના ૪૦ ના અંકમાં પ્રથમ અંક ૪ છે તે ચાર પ્રકારના-દાન શીળ તપ ને ભાવરૂપ ધર્મની પ્રવૃતિ સૂચક છે. તેથી ચાર પ્રકારના ધર્મનું સ્વરૂપ આ વર્ષમાં સારી રીતે આપવામાં આવશે અને તેના આરાધન માટે ભવ્યજનોને પ્રેરણા કરવામાં આવશે. એ ચાર પ્રકારના ધર્મને લગતો એક સંવાદ પણ પ્રગટ થવાનો છે; જેથી ચારે પ્રકારના ધર્મની ઉત્તમતા અને તરતમતા તેમજ શ્રેષ્ઠતા વાંચકોના સમજવામાં આવશે.

ગતવર્ષ ને પ્રસ્તુત વર્ષને અંગે ઉપર પ્રમાણે હકીકત ને ધારણાઓ ટુંકામાં નિવેદન કરીને આ લેખ સમાપ્ત કરવામાં આવે છે. તેમજ પરમાત્મા જૈનવર્ગને દ્રવ્ય ભાવ સંપત્તિની પ્રાપ્તિમાં આગળ વધારો એટલું ઇચ્છી, તે ઇચ્છા પૂર્ણ કરવા માટે પરમાત્માની પ્રાર્થના કરી વિરમીએ છીએ.

# પ્રભુની અષ્ટ પ્રકારી પૂજા ભક્તજનોએ કેવા હેતુથી કરવી જોઇએ ?

૧ જળ પૂજા—અનાદિ કર્મ મેલ ટાળી આત્માનો શુદ્ધ સ્વભાવ પ્રગટાવવા નિમિત્તે પરમ પવિત્ર પરમાત્માને શુદ્ધ નિર્મળ જળવડે પ્રક્ષાલન કરવું. ઇન્દ્રાદિક દેવોની પેરે નિર્મળ ભાવ ઉલ્લાસથી પ્રભુને સ્નાત્ર અભિષેક કરતાં પરમાત્મ પ્રભુ જેવો પોતાનો આત્મ સ્વભાવ પ્રગટ થતો જાય છે એમ ભાવવું.

૨ ચંદન ( વિલેપન ) પૂજા—ચંદનાદિક શીતળ પદાર્થોવડે પરમાત્મ પ્રભુને સર્વાંગે વિલેપન કરતાં આપણા અનાદિ રાગ દ્વેષ ને મોહાદિક દોષ-તાપ દૂર થાય છે અને સમતાદિક સહજ ગુણો પ્રગટ થાય છે એમ ચિન્તવવું.

૩ પુષ્પ પૂજા—તાજાં ખુશબોદાર (સુગંધી) જાઇ, જુઇ, ગુલાબ ને મોગરા પ્રમુખ ઉત્તમ પુલો અથવા તેવાં સારાં ઉત્તમ પુલોની જયણા સહિત ગુંથેલી માળાવડે પરમાત્મ પ્રભુની સેવા-અર્ચા કરતાં આપણા ચિત્તની પ્રસન્નતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિકાધિક વધતી જાય છે એમ નિ:શંકપણે માનવું.

૪ ધૂપ પૂજા—દશાંગાદિક ઉત્તમ પ્રકારનો ધૂપ પરમાત્મ પ્રભુની પાસે ઉખેવતાં આપણી અનાદિ કુવાસના ટળી સુવાસના પ્રગટતી જાય છે, અને જેમ ધૂપ-ઘટા ઉંચે ચઢે છે તેમ આપણી ગતિ ઉંચી થતી જાય છે. એમ સમજી ઉત્તમ સુગંધી દ્રવ્યોવડે બનાવેલો ધૂપ નિરંતર પ્રભુસમીપે પૂરા પ્રેમથી ઉખેવવા લક્ષ્ય રાખવું. તે સાથે ઉપર જણાવેલી ભાવના દીલમાં ધારવી.

૫ દીપક પૂજા—ગાયના સુગંધી ઘીનો મંગળદીપક પરમાત્મ પ્રભુ પાસે જયણાથી પ્રગટાવી ઉતારતાં કે પ્રભુ પાસે સ્થાપી રાખતાં, આપણામાં જડ ઘાલીને રહેલ અજ્ઞાન-અંધકાર ટળી, ઉત્તમ જ્ઞાન પ્રકાશનો લાભ મળતો જાય છે એમ ચિન્તવવું. (આજ કાલ જ્યાં ત્યાં જિનમંદિરાદિકમાં જયણા રહિત દીવા પ્રગટાવી ઉઘાડા મૂકાય છે તે અયુકત હોવાથી ખાસ સુધારવા યોગ્ય છે.) જેમના દિલમાં ખરી દયા વસી હોય તેવા સુજ્ઞ ભાઈબ્હેનો પોતાના ગૃહવ્યવહારમાં પણ જરૂર પૂરતા દીપક પ્રમુખનો ઉપયોગ જયણા સહિત જ કરે છે તો પછી જિનમંદિરાદિકમાં પ્રભુની ભક્તિપ્રસંગે પ્રગટાવવામાં આવતા દીપકનો ઉપયોગ જયણા રહિત કેમજ કરે? એવો અવિવેક સુજ્ઞજનો કરે કરાવે કે અનુમોદે નહિજ. વ્યવહારિક તેમજ ધાર્મિક કાર્યો જયણા સહિત કરતાં, પ્રભુની પવિત્ર આજ્ઞાનું પાલન થવાથી પોતાનું હિત તો થાયજ, તે ઉપરાંત જે કોઈ બીજા ભાઈબ્હેનો જયણા પાળતાં શીખે કે તેનું અનુમોદન કરતાં શીખે તેમનું પણ હિત થવા પામે. દરેક પ્રસંગે આ વાત લક્ષ્યમાં રાખવી ઘટે છે.

૬ અક્ષત પૂજા—અખંડ અને ઉજ્વળ એવા ઉત્તમ ચોખાવડે પ્રભુની સમીપે સ્વસ્તિક-અષ્ટમંગળ આળેખતાં ભવ્યજનો અક્ષય સુખ મેળવી શકે છે. આજ કાલ મુગ્ધ ભાઈબ્હેનો જેવા તેવા ખંડિત ચોખા (કણકી સુધાં) વાપરે છે, તે અવિવેક દૂર કરવો ઘટે છે.

૭ નૈવેદ્ય પૂજા—શરીર વસ્ત્રાદિકની યોગ્ય શુદ્ધિ રાખી, તૈયાર કરવામાં આવેલ ઉત્તમ ભોજન પકવાન્નાદિક, પરમાત્મ પ્રભુની પાસે નિષ્કામ ભાવે ઢોકી, અનાદિ વિષયવાસના તજીને, અણાહારી પદ પ્રાપ્ત કરવા પ્રાર્થના કરવી ઘટે છે.

૮ ફળ પૂજા—ઉત્તમ પ્રકારના શ્રીફળ આમ્રફળાદિક સરસ ફળો પ્રભુની પાસે ઢોકી પરમાત્મ પ્રભુની પાસે અનાદિ સંસાર પરિભ્રમણના દુ:ખમાંથી સર્વદા મુક્ત થવા અને અનંત જ્ઞાનાદિ આત્માની અચળ અખંડ અવિનાશી સંપદા વરવારૂપ મોક્ષ ફળ આપવા પ્રાર્થના કરવી ઘટે છે. આ પ્રમાણે પ્રતિદિન અષ્ટપ્રકારી પૂજા કરતાં, સુજ્ઞ ભાઈ બ્હેનોએ નિજલક્ષ-ઉપયોગ જાગ્રત રાખતાં શીખવું જોઇએ. ઈતિશમ્. (સ. ક. વિ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આનંદઘનજી કૃત પદોમાંથી પદ–૮૨ મું.

(રાગ સુરતી, ટોડી.)

પ્રભુ ! તો સમ અવર ન કોઈ ખલકમેં. એ આંકણી.
હરિ હર બ્રહ્મા વિગુતે સો તો, મદન જીત્યો તેં પલકમેં. પ્રભુ૦ ૧
જ્યોં જળ જગમેં અગન બુઝાવત, વડવાનળ સો પીયે પલકમેં;
આનંદઘન પ્રભુ વામાકે નંદન, તેરી હામ ન હોત હલકમેં. પ્રભુ૦ ૨

વ્યાખ્યા.

**સારાંશ**—હે વીતરાગ દેવ ! તારા જેવા શુદ્ધ પવિત્ર દેવ આખી આલમમાં કોઈ કયાંય પણ દેખાતા નથી. હરિહર ને બ્રહ્મા લોકપ્રસિદ્ધ–લૌકિક દેવોની જેણે વિગોવણા–વિડંબના–હેલના કરી છે, તે કામદેવ (વિષય વિકાર)ને તેં એક પલકમાં જીતી લીધો છે. જળ અગ્નિને બુઝાવી (શાન્ત કરી) દે છે, એ વાત લોકપ્રસિદ્ધ છે, પરંતુ વડવાનળ અગ્નિ એજ જળને એક પલકમાં પોતેજ પીઈને પુષ્ટ થાય છે. આનંદઘનજી કહે છે કે–હે સહજાનંદી પાર્શ્વ પ્રભુ ! તારી સાથે સંયમમાં હોડ કરવાની કોની હિંમત ચાલે ? અદ્ભુત ને અલૌકિક સંયમવાળા આપ અનુપમજ છો.

**સારબોધ**—જેનું પવિત્ર નામ પણ પરમ મંત્રની જેમ આપને ગાળી શમાવી દે છે, જેનું નામ અદ્ભૂત પ્રભાવવાળું છે, અનંત જ્ઞાન દર્શન ચારિત્ર ને વીર્યાદિક ગુણો ક્ષાયિક (સંપૂર્ણ) ભાવે જેનામાં પ્રગટ થઇ રહ્યા છે, પરમ શાન્ત વૈરાગ્ય રસને દ્રવતી જેની પવિત્ર પ્રતિમા પણ મોક્ષગામી ભવ્યાત્માઓને એક અતિ ઉત્તમ આદર્શની ગરજ સારે છે, એવા પરમ પવિત્ર આત્મા (પરમાત્મા) શ્રી પાર્શ્વનાથ પ્રભુ સહુ કોઇ કલ્યાણાર્થી જનોએ સદાય સેવવા–ધ્યાવવા–તન્મયપણે આશ્રય કરવા યોગ્ય છે. ઇતિશમ્

આ પદની અંદર કર્તાએ ટુંકામાં બહુ વિશેષ ભાવ સમાવ્યો છે. સુદેવ ને કુદેવનું ટુંકામાં ભાન કરાવી દીધું છે. અન્ય દેવો દેવ તરીકે જગતમાં કહેવાય છે ખરા, પરંતુ તેઓ કામદેવને વશ થયેલા છે, એવું તેમના શાસ્ત્રમાં કરેલું તેમનું વર્ણન પણ કહે છે, અને અરીહંત દેવે તો તે કામનો મૂળથીજ વિનાશ કર્યો છે. આ એક બાબતજ બંનેની પરીક્ષા કરવા માટે બસ છે. **તંત્રી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પદ સાતમાની સાખી.

જગ આશા જંજીરકી, ગતિ ઉલટી કુછ ઓર;
ઝકર્યો ધાવત જગતમેં, રહે છુટો ઈક ઠોર. ૧

સારાંશ--જગતની ચરાચર ( જંગમ સ્થાવર ) વસ્તુઓ પ્રાપ્ત કરવાની આશા-તૃષ્ણા રૂપી બેડી (સાંકળ) ની ગતિ (રીતિ-નીતિ) કોઇ અજબ પ્રકારની ઉલટી દીસે છે. એ આશા-તૃષ્ણા રૂપી જંજીરથી ઝકડાયેલ-બંધાયેલ મોહાકુળ ( મોહાતુર ) જીવ જગતમાં દોડતા ફરે છે, એટલે ચાર ગતિરૂપ સંસાર તેની ચોરાશીલાખ જીવાયોનિમાં ભ્રમણ કર્યા કરે છે, તેનાથી વિરામ પામી શકતોજ નથી; અને જે આશા-તૃષ્ણા રૂપી એ જંજીરથી છુટો મુકત થઇ શકે છે, પુરૂષાર્થ યોગે તેને તોડી શકે છે, સમ્યગ્ દર્શન. જ્ઞાન ચારિત્ર રૂપ રત્નત્રયીની દ્રઢ સાધનાવડે ઉક્ત આશા-તૃષ્ણાને જીતી દૂર કરી શકે છે, તે સકળ સંસારભ્રમણથી છુટી, સકળ કર્મમળનો અંત કરી, અક્ષય અવિનાશી સિદ્ધિ (મોક્ષ સ્થાન) ને પ્રાપ્ત થઇ પરમ શાન્તિસુખને પામે છે.

સારબોધ—આશા (તૃષ્ણા) વશ અનેક પ્રકારનાં કુકર્મો કરી, જીવ ચારગતિરૂપ સંસારમાં ભટકયા કરે છે અને જન્મ મરણ સંબંધી અનંત દુઃખોનો અનુભવ કર્યા કરે છે. તેમાંથી છુટવા ખરી ઇચ્છાજ હોય તો મન ઇન્દ્રિયાદિકને વશ કરી પર આશા-તૃષ્ણાને સંતોષ વૃત્તિથી દૂર કરવી જોઇએ.

## પદ આઠમાની સાખી.

આતમ અનુભવ ફુલકી, નવલી કોઉ રીત;
નાક ન પકરે વાસના, કાન ગ્રહે ન પ્રતીત. ૧

સારાંશ--આત્માના અનુભવ જ્ઞાનરૂપી પુષ્પની કોઇ અજબ રીત છે. નાકને તેની વાસના (સુંગધ) આવતી નથી, તેમજ કાન (શ્રવણેંદ્રિય) તેને ગ્રહણ કરી ખાત્રી પ્રતીતિ કરી શકતા નથી; કેમકે તે વચન અગોચર છે. વચનથી કથી ન શકાય તેથીજ કાનથી સાંભળી પ્રતીત કરી ન શકાય એવું તે ઇન્દ્રિય અગોચર છે.

સારબોધ—અપ્રમત્ત દશા પામેલા જ્ઞાની પુરૂષને જે આત્મ અનુભવ થાય છે તે વચનથી કથી ન શકાય. તે તો પ્રમાદ માત્રને તજી અપ્રમત્ત ભાવે શુદ્ધ ચારિત્રસેવનથીજ અનુભવી શકાય. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આનંદઘનજી કૃત પદોમાંથી પદ-૮૦ મું.

( રાગ સારંગ )

ચેતન ! શુદ્ધાતમકું ધ્યાવો. એ આંકણી.
પર પરચે ધામધુમ સદાઇ, નિજ પરચે સુખ પાવો. ચેતન૦ ૧
નિજ ઘરમેં પ્રભુતા હૈ તેરી, પરસંગ નીચ કહાવો;
પ્રત્યક્ષ રીત લખી તુમ ઐસી, ગહિયેં આપ સુહાવો. ચેતન૦ ૨
યાવત્ તૃષ્ણા મોહ હૈ તુમકો, તાવત્ મિથ્યા ભાવો;
સ્વસંવેદ જ્ઞાન લહી કરિવો, છંડો ભ્રમક વિભાવો. ચેતન૦ ૩
સુમતા ચેતન પતિકું ઇણ વિધ, કહે નિજ ઘરમેં આવો;
આતમ ઉચ્છ સુધારસ પીવે, સુખ આનંદ પદ પાવો. ચેતન૦ ૪

**વ્યાખ્યા.**

**સારાંશ**—હે ચેતન ! ભવ્ય આત્મન્ ! શુદ્ધ-વીતરાગ પરમાત્માનું, તેમની વિશુદ્ધ દશાનું, તેમના અનંત જ્ઞાનાદિક ગુણોનું ચિન્તવન-રટણ તું કરતો રહે. જડ-પુદ્ગલના સંગ-પ્રસંગથી કાયમ કષ્ટ આધિ વ્યાધિ ને ઉપાધિ લાગી રહે છે, અને નિજ આત્મસ્વરૂપની યથાર્થ પિછાણ પ્રતીતિ અને રમણતા યોગે ખરા વાસ્તવિક સુખની પ્રાપ્તિ થાય છે; તેથી હે શાણા-ચતુર ચેતન ! હિતરૂપ જ્ઞાનાદિક નિજ સ્વરૂપનું-લક્ષ્ય સાધીને, અહિતરૂપ જડ-પ્રસંગને તું તજી દે. ૧.

નિજ સ્વરૂપ રમણતા ( શુદ્ધ ચારિત્ર સેવન ) માંજ તારી ખરી પ્રભુતા-ઠકુરાઇ-શોભા-ઐશ્વર્યતા રહી છે; અને જડ સંગતિ-પુદ્ગલ પરિચયથી તારી હલકાઇ-અધોગતિ-અવનતિ થવા પામે છે. એવો જાતિ-અનુભવ કરી, વિપરીત વાટ તજી, ખરી વાટ આદરવી એટલે જ્ઞાનાદિક નિજ સ્વભાવમાં તારે લક્ષ્ય પરોવવું ઘટે છે. ૨.

જ્યાં સુધી લોભ-તૃષ્ણા ને માયા-મમતાને તું સેવે છે-આદરે છે-પોષે છે ત્યાં સુધી એ મિથ્યા-વિપરીત આચરણ તને દુઃખદાયક નિવડવાનું જ. જો ખરૂં સુખ મેળવવા ઇચ્છાજ હોય તો તેવા દરેક પ્રસંગથી જે કંઇ અનુભવ મળે તે ઉપરથી ધડો લહી દુઃખદાયક વિપરીત ભાવ તજી દે. ૩.

ચેતનનું એકાન્ત હિત ઇચ્છનારી ખરી પતિવ્રતા સ્ત્રી સુમતા-સમતા એ રીતે નમ્રતાથી ખરી હકીકત સમજાવી પતિને પોતાના ઘરે પધારવા વિનવે છે, ને કહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે-હે પ્રાણપ્રિય પ્રભુ! આપ કુમતા-કુમતિનો સંગ-પ્રસંગ-પરિચય તજી, સ્વભાવ રમણતાથી ઉત્પન્ન થતા સહજ સ્વાભાવિક અમૃતનું પાન કરીને પરમાનંદ સુખમય સ્થિતિને પ્રાપ્ત થાઓ! ૪.

સારબોધ—ચેતન જડ-કર્મની કાયમી અસર નીચે દબાયેલો હોવાથી, પોતાની સ્વાભાવિક જ્ઞાન દર્શન ચારિત્રાદિક સ્વરૂપ રમણતાને ભૂલી (વિસરી જઇ) પરભાવમાં લાગી રહ્યો છે; અને તેમાં ઇષ્ટ અનિષ્ટપણાની યથેચ્છ કલ્પનાથી રતિ અરતિ-હર્ષ ખેદ કરીને ક્ષણમાં સુખનો તો ક્ષણમાં દુઃખનો અનુભવ કર્યા કરે છે. જ્યારે જીવને કોઇ જ્ઞાની ગુરૂનો સમાગમ થતાં, તેમની કૃપાથી પોતાની સ્થિતિનું યથાર્થ ભાન થાય છે ત્યારે પોતે અજ્ઞાન યા કુમતિ વશ અનેક બાળચેષ્ટાઓ કરીને, તેમજ પ્રમાદાચરણ સેવીને અત્યાર સુધી સ્વહિતથી વિમુખ અને અહિત કાર્યમાં તત્પર બની, આત્માને પારાવાર નુકશાન કર્યું છે, તેનો તેને પસ્તાવો થવા પામે છે; અને અત્યાર સુધી સેવેલી અનેક કુટેવોને તજવાનો અને સારાં વ્રત નિયમોને પ્રેમપૂર્વક આદરવાનો ખપી થઇ, નિર્મળ શ્રદ્ધા ને ચારિત્રના બળથી સમતા પામી, ત્રિવિધ તાપને ઉપશમાવી અક્ષય અવિનાશી સુખ પામે છે. ઇતિશમ્. (સ. ક. વિ.)

---

# श्री कुमारपाल राजाना रासनुं रहस्य.

(શ્રી ઋષભદાસજીના કરેલા રાસ ઉપરથી)

## પ્રારંભ દુહા.

સકળ સિદ્ધ સુપેરે નમું, નમું તે શ્રી ભગવંત;
નમું તે ગણધર કેવળી, નમું તે મુનિજન સંત. ૧
નમું તે શ્રી જિનબિંબને, નમું તે સૂત્ર સિદ્ધાંત;
નમું ચતુર્વિધ સંઘને, નમું તે નર મહંત. ૨
નમું તે કિરિયાપાત્રને, નમું તે તપીયા પાય;
નમું તે નર શીળવંતને, જિમ સુખસાતા થાય. ૩
નમું તે ગુરૂ ગચ્છના ધણી, નિર્મળ જસ આચાર;
મધુર વચને દીયે દેશના, વચન સુધારસ સાર. ૪
વાણીએ જન રંજવે, મહિમા સરસતિ દેવ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિણે કારણ તુજને નમું, સારદ સારૂં સેવ. ૫
સમરૂં સરસતી ભગવતિ, સમર્યાં કરે જે સાર;
હું મૂરખ મતિ કેળવું, તે તાહરો આધાર. ૬
પિંગળ ભેદ ન ઓળખું, વિગતે નહીં વ્યાકરણ;
મૂરખ મંડણ માનવી, હું સેવું તુજ ચરણ. ૭

આ પ્રમાણે પ્રારંભમાં મંગળાચરણ કરીને પછી સરસ્વતી માતાને અનેક નામવડે સ્તવે છે. કર્ત્તા કહે છે કે–હે સરસ્વતિ માતા! હું તમારા ચરણ પંખાળું, પુષ્પ ચડાવું અને આરતી ઉતારૂં. પછી તમારા ગુણ ગાઉં. હે માતા **શારદા** ! **ત્રિપુરા** ! તમને કદિ પણ વિસારી શકું નહિ. તું હંસ ઉપર બેઠેલી અને **હંસગામિની** છે. તું **વિદુષા** માતા જગતમાં વડેરી છે. **હે વાઘેશ્વરી** ! હું તમને સમરૂં છું. તમે ચિત્તને નિર્મળ કરીને તેમાં બુદ્ધિના આપનારા છો, તમે **બ્રહ્મસુતા** છો, **બ્રહ્માણી** છો, તમારા ચરણમાં નેઉર અને કંઠમાં હાર શોભી રહેલ છે. તમે **વાણી-ભાષારૂપ** છો અને **બ્રહ્મચારિણી** છો, તમે દીવ્ય **કુમારી** છો, તમારી કીર્તિ જગતમાં વ્યાપી રહેલી છે. તમે **બ્રહ્મવાદી સરસ્વતી** છો, તમે તુષ્ટમાન થઇને વાણી વિલાસ આપો છો, તમે **હંસવાહીની** માતા છો, તમારા ગુણનો પાર પામી શકાય તેમ નથી. તમારી કૃપાવિના એક અક્ષર પણ પામી શકાય તેમ નથી. તમારી કૃપાવિના મનુષ્ય મૂર્ખજ કહેવાય છે. સુર નર કે કિન્નર બળવાન હોય કે ગમે તેવો હોય પણ તમારી કૃપા વિના માન પામતો નથી. તમારી કૃપા વિના જે કોઇ વાદવિવાદ કરે છે તે મનુષ્ય માનભ્રષ્ટ થાય છે. તમારી કૃપાવિના પરદેશ ગયેલ મનુષ્ય પણ જ્યાં જાય ત્યાં હેલણા પામે છે, તમારી કૃપાવિના કોઈ સભામાં બોલવા જાય છે તો તે મહત્વ પામતો નથી, તમારી કૃપાવિના કોઇ માણસ બોલે છે–બારડે છે તો લોકો તે સાંભળીને ખડખડ હસે છે–તેની હાંસી કરે છે.

જ્ઞાનવંત મનુષ્ય જયાં જાય છે ત્યાં પૂજાયછે. તેનુ મહત્વ થાય છે. અનેક મનુષ્યો ( સ્ત્રી પુરૂષો ) અને રાજા સુધાં તેને પગે લાગે છે અને તેના સા ગુણ ગાય છે, તે સર્વ તમારો પ્રતાપ છે જ્ઞાન વિના કોઇ પ્રકારની પદવી પ્રાપ્ત થતી નથી અને આ જીવ જ્ઞાનવિના મોક્ષે પણ જઇ શકતો નથી. જ્ઞાનાવના પ્રાણી ધર્મ જાણી શકતો નથી, અને ધર્માદિકના મર્મ પણ જ્ઞાનવિના જાણી શકતો નથી, તેથી હે માતા ! હૃદયમાં તમારૂં ધ્યાન ધરીને હું જ્ઞાનની વંછા કરૂં છું. તું તુષ્ટમાન થઇને મારા મુખમાં વાસ કરજે કે જેથી હું કુમારપાળનો રાસ બનાવી શકું. તમે મારા મુખને અને જીભ્હાને પવિત્ર કરજો કે જેથી હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમારપાળનું ચરિત્ર કહી શકું. ઋષભદેવ ને મહાવીર પરમાત્માના મધ્યકાળમાં કુમારપાળ જેવો કોઇ રાજા થયો જણાતો નથી. રામ, કૃષ્ણ, શ્રેણિક અને કોણિક વિગેરે અનેક રાજાઓની કીર્તિ અત્યારે પણ ગવાય છે, પરંતુ તેમાં કોઇ કુમારપાળની જેવો થયો લાગતો નથી. અગાઉ ભરત બાહુબલિ જેવા રાજા મહારાજાઓ થઇ ગયા, પણ તેઓમાંથી કોઇ કુમારપાળ જેવી જીવહિંસા બંધ કરી શક્યું નથી; તેમના વખતમાં પણ જીવોનો વિનાશ થતો હતો. કુમારપાળ રાજાની એજ બલિહારી છે કે તેમના રાજ્યમાં અઢારે દેશમાં તેમણે અમારી પડહ વગડાવ્યો કે જેથી કોઇ પણ માણસ એક પણ જીવ મારી શકે નહીં.

આવા કુમારપાળ રાજા તે કયાં થયા ? કઇ જાતિમાં થયા ? કોના પુત્ર થયા ? તેમના માતા પિતાના નામ શું હતા ? કયા ગામમાં તે રહેતા હતા ? કયા દેશમાં રહેતા હતા ? કેવી સ્થિતિમાં હતા ? આટલા પ્રશ્નો ઉપરથી કર્તા તેનું ચરિત્ર પદ્યબંધ ગુજરાતીમાં કહેવું શરૂ કરે છે, તેનું અહીં રહસ્ય અર્થરૂપે પ્રગટ કરવામાં આવેલ છે.

શ્રી જંબૂદ્વીપમાં અનુપમ ભરત નામે ક્ષેત્ર છે. તેમાં દક્ષિણ દિશાએ ગુજરાત નામે દેશ છે. તેમાં દધીથળી નામે ગામ છે. તે કાંઇ નાનું ગામ નથી, પરંતુ ગઢ, મઠ, મંદિર અને અનેક વ્યવહારીઆના મકાનોવાળું સુંદર ગામ છે. અઢારે વર્ણના અનેક માણસો તેમાં વસે છે, ઋદ્ધિવાળા પણ અનેક છે, જિનેશ્વરના પ્રાસાદ પણ બહુ સુંદર છે કે જે ઇંદ્રપુરી સાથે વાદ કરી શકે તેવા છે. અનેક પૌષધશાળાઓ છે, બીજા પણ પુણ્યના સ્થાનકો ઘણા છે. એવા તે સુંદર ગામનો સ્વામી **ત્રિભુવનપાળ** નામે છે. તેના તાબામાં બાર ગામ છે. અતિ સુકુમાળ ને સુંદર **કાશ્મીરી દેવી** નામે તેમની સ્ત્રી છે. તેના ઉદરથી **કુમારપાળ, મહીપાળ** ને **કૃતપાળ** નામે ત્રણ પુત્ર અને **પ્રેમલદેવી** તથા **દેવલદેવી** નામે બે પુત્રી થયેલ છે.

ત્રિભુવનપાળ જાતે ક્ષત્રીય છે, ચહુઆણ કુળના છે, છત્રીશ રાજકુળી તેની આજ્ઞામાં વર્તે છે. તે છત્રીશ રાજકુળીના કર્તા નામ કહે છે, ૧ ગોવર, ૨ ગોળ-૩ ગોહીલ, ૪ કાઠી, ૫ કીશોર, ૬ કુંભલ, ૭ બરબેંતા, ૮ બાબરીઆ, ૯ મારૂ, ૧૦ મકવાણા, ૧૧ ડાહિમા, ૧૨ રાઠીયા, ૧૩ વાલા, ૧૪ વીજા, ૧૫ વાઘેલ, ૧૬ વાઢેલા, ૧૭ જાદવ, ૧૮ જેઠવા, ૧૯ જાડેજા, ૨૦ જટુ, ૨૧ સોલંકી, ૨૨ પરમાર, ૨૩ વાવડી, ૨૪ ચુડાસમા, ૨૫ ખાટ, ૨૬ ખટાર, ૨૭ ખયરા, ૨૮ પતાઇ, ૨૯ મસાણીયા, ૩૦ પલાણીયા, ૩૧ હાલા, ૩૨ ઝાલા, ૩૩ ધાદૈયા, ૩૪ મોરૈયા, ૩૫ સરવૈયા, ૩૬ પઢીયાર—આ પ્રમાણે છત્રીશ રાજકુળીમાં ચહુઆણ કુળી શ્રેષ્ઠ ગણાય છે. જેમ તારામાં ચંદ્ર, દેવમાં ઈંદ્ર, પર્વતમાં મેરૂ તેમ ક્ષત્રીય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં ચહુઆણુ ગણાય છે. તેવા ઉત્તમ કુળમાં કુમારપાળ ભૂપાળ થયેલ છે અને તેણે આકાશને જેમ દિનેંદ્ર ( સૂર્ય ) અને માનસરોવરને જેમ હંસ શોભાવે તેમ તે કુળને શોભાવેલ છે. તે ચહુઆણુ કુળમાં અનેક જુદા જુદા વંશો થયેલા છે.[1] તે સર્વમાં ચઉલક વંશ ઘણો શ્રેષ્ટ થયેલ છે, કે જે વંશમાં કુમારપાળ રાજા થયેલા છે. તેમના ગુરૂ **હેમચંદ્રાચાર્ય** હતા. એ બંને એક સૂર્ય ને બીજો ચંદ્ર હોય એવા થયેલા છે. હવે એ બંનેમાં પ્રેમ કેવી રીતે થયો ? રાજા કેવી રીતે પ્રતિબોધ પામ્યા ? કુમારપાળ રાજ્યપર કયારે બેઠા ? કઇ રીતે એણે વૈરી રાજાઓને વશ કર્યા ? કોને મંત્રી બનાવ્યા ? તેનાથી કેવો સંતોષ મેળવ્યો ? સજ્જનોનું પોષણ-સન્માન કેવી રીતે કર્યું ? અને દુર્જનોને દંડ કેવી રીતે આપ્યો ? જિનપ્રાસાદ કેટલા કર્યા ? જિનબિંબો કેટલા ભરાવ્યા ? બિંબપ્રતિષ્ઠાઓ ( અંજન શલાકાઓ ) કેટલી કરી ? સંઘવીપદ કેટલી વાર ધારણ કર્યું ? જૈન ધર્મ શી રીતે પામ્યા ? અને અઢાર દેશમાં અમારી કેવી રીતે પ્રવર્તાવી ? સંઘપતિ ને ભૂપતિપણાના બિરૂદ ઉપરાંત રાજઋષિનું બિરૂદ શી રીતે મેળવ્યું ? પૃથ્વીપર કયાં કયાં ભમ્યા ? અને આ દુષમકાળ કેવી રીતે નિર્ગમ્યો ? વૈરીઓથી કેવી રીતે ઉગર્યા ? અને કેટલા વર્ષ રાજ્ય કર્યું ? રાજ્ય મેળવતાં કેટલી મુશ્કેલી નડી ? અને ત્રણ ભુવનમાં આબરૂ કેવી રીતે વધારી-ફેલાવી ? તેમજ જૈન શાસનના કાર્યો કેવી રીને કર્યા ? એ સર્વ હકીકત કર્તા કહે છે કે-હું હવે કહું છું તે લક્ષપૂર્વક સાંભળજો.

ચૌલુકય[2] વંશમાં પ્રથમ **ભુવડ** નામે રાજા થયો કે જેના તાબામાં ૩૬ લાખ ગામો હતા. તે **કન્યકુબ્જ** દેશનો રાજા હતો અને **કલ્યાણકટક** તેની રાજધાનીનું શહેર હતું. ગુર્જર દેશના રાજા જયશિખરીને મારી તે દેશ તેણે પોતાને સ્વાધીન કર્યો હતો અને પોતાના સેવકને તે દેશ ભળાવીને પોતે પોતાના દેશમાં પાછો ગયો હતો. એ ભુવડ રાજાને પનરમે પાટે કુમારપાળ થયેલા છે. તેનું માંડીને તમામ ચરિત્ર તેમના પૂર્વજો સુધાંનું કહું છું તે આનંદથી સાંભળજો.

ભુવડ રાજાને મીણલદેવી નામે સુંદર પુત્રી હતી, તેને કાપડામાં ગુજરાત દેશ તેણે આપ્યો હતો. એ અવસરે ગુર્જર દેશમાં વઢીયાર પ્રદેશ બહુ સુંદર ગણાતો હતો. તેમાં પંચાસર નામે ગામ મુખ્ય હતું. ત્યાં અનેક મનુષ્યો વસતા હતા. ત્યાં વિહાર કરતા કરતા **સેલગસૂરિ**[3] પધાર્યા. તેમનું સામયું

૧ અહીં કર્તાએ ઘણા વંશોના નામો આપ્યા છે. ૨ આ વંશનું બીજું નામ સોલંકી હતું ૩ એમનું બીજું નામ શીળગુણસૂરિ હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરે ઘણા આડંબરથી થયું. એક દિવસ શુભ શકુન જોઇને તેઓ તે ગામની બહાર વનમાં પધાર્યા. ત્યાં એક ઝોળી ઝાડે બાંધેલી દીઠી, તેમાં બાળકને રમતો દીઠો. તેનું રૂપ દેવજેવું સુંદર હતું અને શરીરપર અનેક ઉત્તમ લક્ષણો દેખાતા હતા. વળી તે વૃક્ષની છાયા સૂર્ય નમ્યા છતાં નમી નહોતી, તે બાળક ઉપર કાયમ રહી હતી તેથી એ બાળક કોઇ ઉત્તમ થવાનો છે, એમ ગુરૂ મહારાજાએ ચિંતવ્યું. તેની નજીકમાં તે બાળકની માતા રૂપસુંદરી બેઠી હતી, તેને જોઇને ગુરૂમહારાજે પૂછયું કે–' તમે કોણ છો ? અને તમારી આવી સ્થિતિ કેમ છે ?' આવો સવાલ થતાં રૂપસુંદરી દુઃખ ધારણ કરતી બોલી કે–'હે ગુણવંત ગુરૂમહારાજ ! મારા દુઃખની વાર્ત્તા કહું તે સાંભળો—

' ગુર્જર દેશનો ધણી ( જયશિખરી ) મારો સ્વામી હતો. તેને શત્રુએ હણ્યો, ને રાજ્ય લઈ લીધું. આ બાળક તે વખતે મારા ઉદરમાં હતો, હું તેવી સ્થિતિમાં ત્યાંથી ભાગી અહીં આવતાં મને પુત્ર પ્રસવ થયો તે આ બાળક છે, અને મારી આવી અત્યંત દુઃખી સ્થિતિ છે.' આટલી હકીકત સાંભળી ગુરૂએ જ્ઞાનવડે વિચાર કરી આ બાળકથી આગામી જૈનશાસનનો ઉદ્યોત થશે એમ જાણી તેનું નામ **વનરાજ** પાડ્યું, રૂપસુંદરીને દિલાસો આપ્યો અને કહ્યું કે–' આ બાળક ગુજરાતનો રાજા થશે, અને ઘણા સારા કામો કરશે.' પછી ગુરૂ તરતજ ઉતાવળા ગામમાં આવ્યા અને આ વાત કરવા તેમજ તેને સહાય આપવા ગુરૂએ મુખ્ય મુખ્ય વ્યવહારીઆઓને પોતાની પાસે બોલાવ્યા. તેઓ આવ્યા એટલે ગુરૂએ કહ્યું કે–'આ શહેરની બહાર નજીકમાંજ એક બાઇ બેઠેલ છે ને ઝાડ સાથે બાંધેલી ઝોળીમાં તેનું બાળક છે, તેને તમે લઇ આવો અને તેની સારી રીતે સંભાળ લ્યો. તે બાળક આગળ ઉપર ગુજરાતનો રાજા થશે. કહ્યું છે કે.—

રાજા, દર્પણ, સુત, તુરી, મહિષી, ચંદ, સુકીર;
બાળપણાથી સેવીએ, સુખ લહીએ શરીર. ૧.

' રાજા, ખેતી, પુત્ર, અશ્વ, ભેંશ, ચંદ્ર અને પોપટ–એટલાને બાળપણાથી સેવીએ તો તે જરૂર આગળ ઉપર સુખ આપનાર થાય છે.'

આ પ્રમાણે હોવાથી આ કાર્ય શીઘ્ર કરો. તે બાળકની સારી રીતે સુશ્રુષા કરો અને તેને તમારા ઘરમાં રાખી તેનું પૂરતું પોષણ કરો.'

આવી ગુરૂમહારાજ તરફથી સૂચના થતાં વ્યવહારીઆઓ તરતજ બહાર વનમાં ગયા અને તે માતા પુત્રને લઇ આવી પોતાને ઘરે રાખ્યા અને તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારી રીતે સેવા ભક્તિ ભોજન વસ્ત્રાદિકવડે કરવા લાગ્યા. અનુક્રમે તે બાળક મોટો થયો. પછી તે વ્યવહારીઆઓના બાળકો સાથે રમત રમે. તેમાં પોતે રાજા થાય અને બીજા છોકરાઓનો ઇનસાફ કરે, તેમજ તાડના તર્જના પણ કરે. તે જોઇ શ્રાવકો કહેવા લાગ્યા કે–'આ મોટું માણસ હવે આપણા ઘરમાં શોભે નહીં. સિંહનું બાળક ઘણું સારૂં હોય તો પણ તે વનમાંજ શોભે. આ ઘરમાં તે સમાય નહીં.' પછી બધા મળીને તેની માતા પાસે ગયા અને કપૂર્વક કહ્યું કે–'બહેન ! હવે તમારો પુત્ર મોટો થયો છે, તો અમારા વણિકના બાળક ભેળો રહેવાથી વિનાશ પામશે, તેથી તમે કોઈ રાજાની સેવા કરો કે જે સેવ્યોથકો સારૂં ફળ આપે અને તમારો પુત્ર ત્યાં સારી રીતે કેળવાય.'

આ પ્રમાણેની હકીકત સાંભળીને રૂપસુંદરી પુત્રને લઇને પોતાના ભાઇ સુરપાળ પાસે ગઇ કે જે ગામ નગર પુર લુંટવાનો ધંધો કરતો હતો અને અટવીમાં રહેતો હતો. હવે ત્યાં વનરાજની શું સ્થિતિ થઇ તે આગળ કહેવાશે.

અપૂર્ણ.

# प्रश्नोत्तर.

( પ્રશ્નકાર—શા. દયાભાઈ મોતીચંદ. બોરસદ. )

પ્રશ્ન—અણુસણ એટલે શું ? તે કોણ કરી શકે ? ક્યારે કરી શકે ? હાલમાં પૂર્વે મુનિઓ વિગેરે કરતા હતા તે રીતનું અણુસણ કરી શકાય ?

ઉત્તર—અણુસણ એટલે અન અશન અર્થાત્ ચારે પ્રકારના આહારનો ત્યાગ. તે અલ્પ કાળનું અને યાવજ્જીવિત એમ બે પ્રકારનું થાય છે. પૂર્વે જ્યારે કેવળજ્ઞાની વિચરતા હતા અને તે પૂછનારને તેનું આયુષ્ય કેટલું બાકી છે ? તે જ્ઞાન વડે જાણીને કહી શકતા હતા ત્યારે જાવજ્જીવિત અણુસણ કરી શકાતું હતું. શ્રુતકેવળી એવા મુનિ તેમજ અવધિજ્ઞાની મુનિ વિગેરે પણ જ્ઞાનથી તેમજ બીજા કેટલાક કારણથી પૂછનારનું આયુષ્ય કેટલું બાકી છે તે જાણી શકતા હતા. તેઓ પોતાને માટે જાણે તેમાં તો શું આશ્ચર્ય ? કેટલીક વખત આયુષ્ય વધારે હોવાના કારણથી અણુસણના ઇચ્છકને પણ અણુસણ કરવાની ના કહેવામાં આવતી હતી. વર્તમાન કાળે આયુષ્ય સંબંધી (બરાબર) ખબર પડતી ન હોવાથી સાગારી અણુસણ અને તે પણ અમુક દિવસોનું કે અમુક કલાકોનું કરવા કરાવવામાં આવે છે.

જ્યારે આયુષ્ય અલ્પ રહે ત્યારે માત્ર પરમાત્માના ધ્યાનમાં મગ્ન રહેવા અને બીજી તમામ ઉપાધિ તજી દેવા માટે અણુસણ કરવામાં આવે છે. અનેએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે અંતસમય સુધારવામાં આવે છે. કોઇ ભારે રોગાદિક ઉપદ્રવ પ્રસંગે જ્ઞાની વડીલની અનુમતિ પૂર્વક સાગારી અણસણ કરી લેવું હિતકારી કહ્યું છે. અણસણના બીજા પણ પાદપોગમાદિ ભેદો છે, તેમજ તપના પ્રકારમાં પણ બાહ્યતપ તરીકે અણસણ તપ એટલે ત્રણ અથવા ચાર આહારના ત્યાગ રૂપ ઉપવાસ કહેવામાં આવે છે.

પ્રશ્ન ૨—પ્રતિક્રમણમાં શ્રાવક વંદિત્તુ બોલે છે ત્યારે મુનિઓ શું બોલતા હશે ?

ઉત્તર—પ્રતિક્રમણમાં શ્રાવક વંદિત્ત કહે છે તેનું ખરૂં નામ શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર છે. વંદિત્ત એ નામ તો પહેલા શબ્દ ઉપરથીજ બોલાય છે. તે વખતે મુનિ અને સાધ્વીઓ શ્રમણ સૂત્ર બોલે છે. તે વંદિત્તાથી તદ્દન જુદું જ છે. તેમાં મુનિના મહાવ્રત સંબંધી અતિચાર આળોવવાની હકીકત છે. એનું પણ બીજું નામ તેના પ્રથમપદ ઉપરથી **પગામસઝાય** કહેવાય છે.

પ્રશ્ન ૩—પ્રતિક્રમણ કરનાર શ્રાવકોમાંથી કોઇને પણ વંદિત્તુ ન આવડતું હોય તેવા ગામમાં મુનિ શ્રાવકોને (૫૦) નવકાર ગણવાનું કે તેટલો કાઉસગ્ગ કરવાનું કહે છે તે બરાબર છે ?

ઉત્તર—તે વાત યોગ્ય નથી. પ્રતિક્રમણ કરનારાઓ પૈકી કોઇએ પણ વંદિત્તુ જાણવુંજ જોઇએ. પરંતુ વંદિત્તુ ન આવડવાની ખાતર પ્રતિક્રમણ બંધ રહેવું ન જોઇએ. સમજ પૂર્વક પાપથી પાછા ઓસરવું અને ફરી તેવા પાપ કરતાં અટકવું એજ પ્રતિક્રમણ કરવાનો પરમાર્થ છે. તેથી વંદિત્ત નજ આવડે તો ૫૦ નવકાર ગણવા અથવા મુનિ શ્રમણ સૂત્ર બોલે તે સાંભળવું.

પ્રશ્ન ૪—પ્રતિક્રમણમાં સાત લાખ ને અઢાર પાપસ્થાનક શ્રાવકોજ બોલે છે, મુનિ તેમાં ભાગ લેતા નથી, તો શું તેમને તે પાપો લાગતા નથી ?

ઉત્તર—મુનિ તે સંબંધમાં સાત લાખ બોલ્યા અગાઉ ઠાણે કમણે ચંકમણે-વિગેરે બોલે છે, તેમાં તેનો સમાવેશ થઇ જાય છે.

પ્રશ્ન ૫—અઢ્ઢાઇજ્જેસુ શ્રાવકોજ બોલે છે, મુનિરાજ તેમાં ભાગ લેતા નથી, તો શું અઢી દ્વીપમાં રહેલા સર્વ મુનિઓ તેમને વાંદવા યોગ્ય નથી ?

ઉત્તર—તેમને શ્રમણ સૂત્રમાંજ પ્રાંતે અઢ્ઢાઇજ્જેસુ અક્ષરશઃ આવી જાય છે તેથી તે શ્રાવકો સાથે ભાગ લેતા નથી.

પ્રશ્ન ૬—પ્રતિક્રમણ પૂર્ણ થયા બાદ સામાયિક પારતાં વચ્ચે ચઉક્કસાય અને નમુથ્થુણં વિગેરે કહેવામાં આવે છે તે શા હેતુએ કહેવાય છે ? તેમાં ચૈત્યવંદન કર્યા પછી જંકિંચિ કેમ નહીં ? અને છેવટ કાઉસગ્ગ કેમ કરવાનો નહીં ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—શ્રાવકે સુતી વખતે ચૈત્યવંદન કરવું જોઇએ એવો ઉલ્લેખ શ્રાવકના આચારમાં છે. તે વખતે બધા કરી શકે કે નહીં, તેટલામાટે સામાયિક પારતાંજ તે કરી લેવામાં આવે છે. તેમાં ચઉક્કસાય છે તે ચૈત્યવંદન છે. જંકિંચિની અપેક્ષા પૂર્વાચાર્યોએ રાખી નથી. અને કાઉસગ્ગ પણ કરવાનો કહેલો નથી. એમાં તો વિધિની સંકળના કરનાર પૂર્વપુરૂષો ઉપર આધાર રાખવાનો છે; સ્વમતિ વાપરવાનો અવકાશ નથી.

પ્રશ્ન ૭—પ્રતિક્રમણના પ્રારંભમાં ચાર સ્તુતિ વડે દેવ વંદન કરવામાં આવે છે, તે ચારે કાયોત્સર્ગ શા હેતુએ કરવામાં આવે છે? અને તેમાં ચોથા કાયોત્સર્ગમાં વેયાવચ્ચગરાણ પછી અરિહંત ચેઇઆણું કેમ કહેવામાં આવતું નથી?

ઉત્તર—ચાર સ્તુતિ વડેજ તે ચારે કાયોત્સર્ગનો ભાવ સમજાઈ શકે તેમ છે. પ્રથમ અધિગત મુખ્ય જિનની, બીજી સર્વ જિનેશ્વરોની, ત્રીજી જ્ઞાનની, અને ચોથી શાસનદેવની સ્તુતિ કહેવામાં આવે છે. તેના પ્રારંભના તમામ સૂત્ર પણ તે તે નિમિત્તના તેવા ભાવવાળાજ કહેવામાં આવે છે.

બીજા કાઉસગ્ગમાં અરિહંત ચેઇયાણું અગાઉ **સવ્વલોએ** શબ્દ સર્વલોકના અરિહંતના ચૈત્યો-જિનેશ્વરોનું આરાધન કરવા માટે એ કાઉસગ્ગ છે એમ સૂચવવા માટે કહેવામાં આવે છે.

ત્રીજા કાઉસગ્ગના પ્રારંભમાં પુખ્ખરવરદી કહેવામાં આવે છે, તેમાં પાછળની ત્રણ ગાથામાં જ્ઞાનનુંજ વર્ણન છે અને તેની પ્રાંતે સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસગ્ગ એ શબ્દવડે શ્રુતજ્ઞાન-શ્રુત ભગવંતના આરાધન માટે કાઉસગ્ગ કરૂં છું, એમ કહેવામાં આવે છે.

ચોથો કાઉસગ્ગ શાસનદેવતાના આરાધન માટે છે. તેનો ભાવ વેયાવચ્ચ ગરાણંમાં બતાવવામાં આવેલ છે. અરિહંત ચેઇયાણું સૂત્રમાં કહેલ હકીકત તેને માટે ઘટતી નથી તેથી તે સૂત્ર કહેવામાં આવતું નથી. શ્રુતદેવતા ને ક્ષેત્રદેવતાના કાયોત્સર્ગ કરતાં પણ તેજ કારણથી અરિહંત ચેઇયાણું કહેવામાં આવતું નથી.

પ્રશ્ન ૮—સામાયિક માટે ૪૮ મીનીટનો (બે ઘડીનો) કાળ ઠરાવ્યો છે, તે કરતાં ઓછો વત્તો નહીં, તેનું કાંઇ ખાસ કારણ છે?

ઉત્તર—ખાસ કારણ કાંઇ નથી, પણ અમુક કાળ તો ઠરાવવોજ જોઇએ તેથી પૂર્વપુરૂષોએ એક મુહૂર્ત્ત ઠરાવેલું છે. તેથી ઓછો કાળ નહીં, પણ વધારે રહી શકાય. માત્ર સામાયક પૂરૂં થવાનો ઉપયોગ રહેવો જોઇએ. (કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ પચ્ચખ્ખાણુ બે ઘડીથી ઓછું ન હોવું જોઈએ એવો આશય પણ સમજવાનો છે.)

પ્રશ્ન ૯ —પ્રતિક્રમણ વિગેરે ક્રિયા કરવાના ઘણા સુત્રોના પદ, વર્ણ, સંપદા, શ્વાસોશ્વાસ વિગેરે મુકરર કરેલા છે તેમાં કાંઈ ખાસ કારણ છે? શું એ દરેક સૂત્રો મંત્રરૂપ છે ?

ઉત્તર—પદ તો વિભક્તિપર આધાર રાખે છે. વર્ણ તો તેમાં જેટલા અક્ષર હોય તેની સંખ્યા પ્રમાણેજ કહેલા છે. સંપદા અર્થના વિસામા ઉપર કેટલીક જગ્યાએ આધાર રાખે છે .અને કેટલીક જગ્યાએ પદ સમાન સંપદા પણ કહેલી છે. શ્વાસોશ્વાસ દરેક મનુષ્ય એક સરખા વખતે લેતા નથી," તેમાં ઓછો વત્તો વખત લાગે છે, તેથી કેટલાક લોગસ્સ વિગેરે સૂત્રોના પદ સમાનજ શ્વાસોશ્વાસ ગણવાનું કહેલું છે. નવકારના પદ નવ છે પણ સંપદા આઠ હોઈને શ્વાસોશ્વાસ પણ આઠ ગણવામાં આવેલ છે. આ એક પૂર્વપુરૂષોએ ચોકસ ઠરાવેલી બાબત છે.

બધા સૂત્રો મંત્રરૂપ નથી, પરંતુ પરમ પવિત્ર પુરૂષોના હૃદયમાંથી પ્રભવેલાં સૂત્રવચનો અતિ પવિત્ર અને અર્થગંભીર હોવા સાથે ભાવિક જીવોને અસરકારક હોવાથી તેનો પ્રભાવ બીજા લૌકિક મંત્રો કરતાં ભારે ગણાય છે અને કર્મરૂપ વ્યાધિનો નાશ કરવા માટે મંત્રરૂપ કહીએ તો બાધકારી નથી. કેટલાક સૂત્રો મંત્રરૂપ પણ છે.

પ્રશ્ન ૧૦–૪૫ આગમો પૈકી અંગ, ઉપાંગ, પ્રકીર્ણક (પયન્નાઓ), છેદ સૂત્રો, મૂળ સૂત્રો વિગેરે કહેવામાં આવે છે, તેનું કાંઇ ખાસ કારણ છે ? અને તેમાંથી પૂર્વો સાથે નીકટ સંબંધ કયા સૂત્રો (આગમો) ધરાવે છે ? મત ભેદ દેખાય તો તેમાંથી વધારે પ્રતિષ્ઠિત–માનનીય કોણ ગણાય છે ?

નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ અથવા ટીકા–એ નામો શું સૂચવે છે અને તેમાં વધારે આધારભૂત શું ગણાય છે ?

ઉત્તર–૪૫ આગમો ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૬ છેદ સૂત્રો, ૪ મૂળ સૂત્રો, નંદી ને અનુયોગદ્વાર મળીને ગણવામાં આવે છે. તેમાં ગણધર મહારાજે રચેલી દ્વાદશાંગીમાંથી બારમું અંગ દ્રષ્ટિવાદ વિચ્છેદ જતાં બાકી રહેલા ૧૧ અંગો છે. તેમાં ભારે મોટા દુષ્કાળાદિક કારણે ઘણો ભાગ વિસરાઈ જવાથી જેટલું ઉપલબ્ધ થયું તેટલું કાળાનુસાર સંક્ષેપ કરવામાં આવેલ છે. (પ્રથમ જેટલા પ્રમાણવાળા હતા તેટલા તે રહેલા નથી.) ૧૪પૂર્વોના સમાસવાળું દ્રષ્ટિવાદ વિચ્છેદ પામવાથી તેના સંબંધવાળું એકે અંગ નથી. અંગોમાંથી એકેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હકીકત લઇને તેનો વિસ્તાર કરવા રૂપ બાર ઉપાંગો આચાર્યોના રચેલા છે, પયન્નાઓ તો ઘણા છે, પણ તેમાંથી એક અધિકારવાળા દશ પયન્ના ૪૫ આગમમાં ગણેલા છે, તે પ્રકીર્ણ સૂત્ર કહેવાય છે. છેદસૂત્રોમાં મુનિઓના ઉત્સર્ગ ને અપવાદ માર્ગનું વર્ણન છે, તે વાંચવાનો હક્ક અમુક હદવાળા મુનિઓનોજ છે, ચાર મૂળ સૂત્રો કહેવાય છે, તે તે સૂત્રોની વધારે મુખ્યતા ગણવાને અંગે છે. બાકી બે સૂત્રો નામ ગ્રહણથીજ જુદા રાખેલા છે. આમાં સર્વથી વિશેષ શ્રેષ્ઠતા ૧૧ અંગની ગણાય છે. બાકી છેદ સૂત્રો ને મુળ સૂત્રોની મહત્વતા પણ તત્સમાનજ ગણાય છે. માનનીયપણામાં ભેદ કહી શકાય તેમ નથી.

નિર્યુક્તિ વિગેરે ચાર પ્રકારો ઉત્તરોત્તર સૂત્રમાં કહેલા ભાવની વિશેષ વિશેષ સ્પષ્ટતા કરવા માટે છે. તેમાનાં પ્રથમના ત્રણ અંગ અર્ધ માગધી ( પ્રાકૃત ) ભાષામાં છે અને પૂર્વાચાર્યકૃત છે. ટીકાકાર ત્યારપછી થયેલા છે. પરંતુ તેના કર્ત્તાઓએ સૂત્રોની અંદર આવેલી હકીકતને સંસ્કૃત ભાષામાં બહુજ સ્પષ્ટ કરેલી છે, તેથી તેમનો ઉપકાર અત્યંત છે.

પ્રશ્ન ૧૧-વંદિત્તુ કહેતાં પ્રારંભમાં નમસ્કાર, કરેમિ ભંતે ને ઇચ્છામિ પડિક્કમિઉં કહેવામાં આવે છે તે શું નિમિત્તે કહેવાય છે ?

ઉત્તર-નવકાર મંગળીક માટે છે. કરેમિ ભંતે વંદિત્તુ કહેનારની સ્થિતિસૂચક છે અને ઇચ્છામિ પડિક્કમિઉં બારે વ્રત વિગેરેના અતિચારો સામાન્ય રીતે સૂચવે છે અને વંદિત્તામાં તેની વિશેષ સ્પષ્ટતા કરવામાં આવેલ છે. આ મર્યાદા યોગ્ય રીતનીજ બાંધવામાં આવેલ છે.

પ્રશ્ન ૧૨-પ્રતિક્રમણમાં જે વારેવારે વાંદણા દેવામાં આવે છે તે શું હેતુ સૂચવે છે ? અને તેમાંના કેટલાક વાંદણા અગાઉ મુહપત્તિ પડિલેહવામાં આવે છે તેનો શો હેતુ છે ?

ઉત્તર-દરેક વાંદણા સહેતુકજ દેવામાં આવે છે. તેની વિશેષ સ્પષ્ટતા માટે પ્રતિક્રમણના હેતુવાળો ઉલ્લેખ પ્રતિક્રમણની અર્થવાળી બુકોમાં કરેલ છે, તે અથવા એ નામની બુક વાંચી જોવી. પ્રથમ ત્રીજું આવશ્યકજ ગુરૂવંદન કરવાનું છે, તે નિમિત્તે વાંદણા દેવાય છે. વંદિત્તા પછીના વાંદણા ગુરૂ મહારાજને ખમાવવા નિમિત્તે છે. અબ્ભુટ્ઠિઓ પછીના વાંદણા વડે ખાસ ગુરૂભક્તિ કરીને પછી જ્ઞાનાચારાદિમાં લાગેલા દોષના નિવારણ માટે કાયોત્સર્ગ કરવાના છે. છઠું આવશ્યક પચ્ચખ્ખાણ હોવાથી અને તે ગુરૂપાસે લેવાનું હોવાથી તેના પ્રારંભમાં ગુરૂભક્તિ માટે વાંદણા દેવામાં આવે છે. અમુક અમુક પ્રસંગે ( દ્વાદશાવર્ત્ત વંદન કરવુંજ જોઇએ એ હકીકત **ગુરૂવંદન** ભાષ્યાદિથી જાણવી.)

વાંદણા દેતી વખત આખા શરીરનો તેમાં ઉપયોગ કરવાનો હોવાથી બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને છઠ્ઠા આવશ્યક વખતે પ્રારંભમાં શરીર પ્રમાર્જવા માટે મુહપત્તિ પડિલેહવામાં આવે છે. બીજા આવશ્યકોમાં ગુરૂસાથે તેવા પ્રકારનો સંબંધ ( રહેતો ) ન હોવાથી તેના પ્રારંભમાં મુહપત્તિ કે વાંદણા સંબંધી વિધિ કરવામાં આવતો નથી.

પ્રશ્ન ૧૩–પ્રતિક્રમણમાં જુદી જુદી વખતે જુદા જુદા કાઉસગ્ગ કરવામાં આવે છે, તેનું પ્રમાણ નાનું મોટું કહેલ છે, તેનું કાંઇ ખાસ કારણ છે ?

ઉત્તર–એમાં ખાસ કારણ જે હોય તે જ્ઞાનીગમ્ય રહેલું છે. જો કે કેટલાક કાયોત્સર્ગના પ્રમાણનો હેતુ સમજાય છે, પરંતુ આપણે તો તે પ્રનાળિકા બાંધનાર પૂર્વપુરૂષોની આજ્ઞાનેજ પ્રાધાન્ય માનીને તે પ્રમાણે કાયોત્સર્ગો કરવાના છે.

પ્રશ્ન ૧૪–પ્રતિક્રમણમાં પ્રથમના ૪ કાઉસગ્ગ થોઇ સાંભળીને પછી પારવાનું કહેવામાં આવે છે, તેનું કાંઇ ખાસ કારણ છે ? બધા એક સાથે પારે ને પછી સાંભળે તો તેમાં કાંઈ બાધક છે ?

ઉત્તર–કાઉસગ્ગ પાર્યા પછી ચિત્તની અસ્વસ્થતા વધારે થવા સંભવ છે, તેથી કાઉસગ્ગમાં રહ્યા રહ્યાજ સાંભળવાનું કહેલું છે. લઘુ શાંતિ ને વૃહત્ શાંતિ પણ એટલાજ માટે કાયોત્સર્ગમાં સ્થિત રહીને સાંભળવામાં આવે છે.

પ્રશ્ન ૧૫–અર્ધ પુદ્ગળ પરાવર્તન એટલે શું ?

ઉત્તર–પુદ્ગળ પરાવર્ત્તન ચાર પ્રકારના છે, તેનું સ્વરૂપ નવતત્ત્વના બાળાવબોધની બુક વિગેરેમાંથી જાણી શકાશે, અહીં વધારે વિસ્તાર થવાના કારણથી લખેલ નથી. ચાર પ્રકારના પુદ્ગળ પરાવર્ત્તન પૈકી દ્રવ્યથી સૂક્ષ્મ પુદ્ગળ પરાવર્ત્તનમાં જેટલો કાળ વ્યતીત થાય તે કરતાં અર્ધ કાળ સમકિત પામ્યા પછી કોઇ જીવ વધારેમાં વધારે આ સંસારમાં પરિભ્રમણ કરે એમ સમજવું.

પ્રશ્ન ૧૬–જાતિસ્મરણ જ્ઞાન એટલે શું ? તે આ કાળમાં મનુષ્યોને થઇ શકે? તે જ્ઞાન થયેલ મનુષ્ય પોતાના પાછલા કેટલા ભવ જોઇ શકે ? તે જ્ઞાન શાથી ઉત્પન્ન થાય ? થયાની નીશાની શું ? અને તે તિર્યંચોને પણ થાય ખરૂં ?

ઉત્તર–પોતાના પૂર્વના જાતિ એટલે જન્મોનું જેમાં સ્મરણ થાય છે તેવું જ્ઞાન તે જાતિસ્મરણ જ્ઞાન. આ કાળમાં પણ થઇ શકે ખરૂં. તે પોતાના પાછલા સંખ્યાતા ભવ જોઇ શકે. તે જ્ઞાન અમુક બાબતમાં ઉહાપોહ તીવ્રપણે કરવાથી થાય છે. તે મતિજ્ઞાનનોજ ભેદ છે. થયાની નીશાની પૂર્વભવની હકીકત યથાર્થપણે જાણી શકે એ છે. અને તિર્યંચોને પણ તે થાય છે. સ્વયંભૂરમણ સમુદ્રના મત્સ્યોને પ્રતિમાના આકારવાળા મત્સ્યોને જોઇને ' મેં પૂર્વે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવું કાંઇક જોયું છે' એમ વિચારતાં જાતિ સ્મરણ જ્ઞાન થાય છે. તેથી તે જીવો ધર્મ પામે છે, વ્રત અંગીકાર કરે છે અને સદ્ગતિના ભાજન થાય છે.

પ્રશ્ન ૧૭–અંતર્મૂહુર્ત્ત એટલે શું ?

ઉત્તર–અંતર્મુહૂર્ત્ત એટલે નવ સમયથી માંડીને મુહૂર્ત જે બે ઘડી–૪૮ મીનીટ તે કરતાં એક સમય ઓછા સુધીનો કાળ. તેના તરતમયોગે અસંખ્યાતા ભેદ થાય છે. આંખ મીંચી ને ઉઘાડીએ તેટલામાં અસંખ્યાતા સમય થાય છે, તો પછી ૪૮ મીનીટમાં તો અસંખ્યાતા થાય તેમાં શું નવાઇ ? તે અસંખ્યાતું પ્રથમ કરતાં મોટુ સમજવું.

પ્રશ્ન ૧૮–વીશ વિહરમાન જિન કહેવાય છે તે હાલ કયાં કયાં વિચરે છે ? તેઓ આપણા ઉપગારી શી રીતે ? તેમના પ્રત્યે આપણી ફરજ શી છે ? અને તે શી રીતે બજાવાય ?

ઉત્તર–વીશ વિહરમાન જિન પકી ૪ આ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં કેવળીપણે વિચરે છે, ૮ ઘાતકીખંડના બે મહાવિદેહમાં વિચરે છે, અને ૮ શ્રીપુષ્કરવરદ્વીપાર્ધના બે મહાવિદેહમાં વિચરે છે. તેઓ આપણી જેવા મનુષ્યજ છે. ૫૦૦ ધનુષ્યના શરીરવાળા છે અને સંસાર તજી દીક્ષા લઇને કેવળજ્ઞાન પામેલા છે. તેઓ નિરંતર સર્વ જીવોનું હિત ઇચ્છનાર છે, તેથીજ આપણા ઉપગારી છે. ખાસ ઉપગાર તો આપણે દૂર રહેલા હોવાથી આપણા ઉપર શી રીતે કરી શકે ? તેમના પ્રત્યે આપણી ફરજ તેમની સ્તુતિ સ્તવના કરવી તેજ છે. એ ભાવપૂજા કહેવાય છે. તે હેતુથીજ સવારના પ્રતિક્રમણમાં ખાસ તેમનું ચૈત્યવંદન કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૯–વિદ્યાધર ને વિદ્યાધરી તેમજ કીન્નર ને કીન્નરી એ કોણ છે ? અને કયાં વસે છે ?

ઉત્તર–વિદ્યાધર ને વિદ્યાધરી તે આપણી જેવા મનુષ્યોજ છે. તેઓ વૈતાઢ્ય ઉપર રહે છે. કાળાનુસાર તેમની વિદ્યા પણ મંદાવસ્થાને પામેલી છે. કીન્નર ને કીન્નરી વ્યંતર જાતિના દેવો છે. તેઓ પર્વતાદિ અનેક સ્થાનોમાં રહે છે અને ભમે છે.

પ્રશ્ન ૨૦–સહજાનંદી એટલે શું ? સહજાનંદી કોણ કહેવાય ?

ઉત્તર–સહજ એટલે સ્વભાવેજ જે આનંદી છે તેવા આત્મા–જીવો તે સહજાનંદી કહેવાય છે. આત્માના સ્વરૂપમાં રમણ કરનાર તે સહજાનંદી. ચિદાનંદ શબ્દ પણ તેજ અર્થવાચક છે.

પ્રશ્ન ૨૧–સ્તવનના પ્રારંભમાં નમોહંત્૦ કહેવામાં આવે છે અને સઝાયના પ્રારંભમાં નવકાર ગણવામાં આવે છે, એવા ભેદનું શું કારણ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર-સ્તવનમાં પ્રાયે પરમાત્માની સ્તુતિ-સ્તવના-પ્રાર્થના વિગેરે હોય છે, તેથી તેના પ્રારંભમાં નમોર્હત્૦ કહેવાનું ઠરાવ્યું છે અને સઝાયમાં પ્રાયે આત્મનિંદા અને મુનિરાજ વિગેરેના ઉપસર્ગાદિની હકીકત હોય છે, તેથી તેના પ્રારંભમાં નવકાર કહેવાનું ઠરાવ્યું છે. એમાં કાંઇ બીજું ખાસ કારણ નથી. એમાં સંકળના કારકના વિચારનીજ પ્રાધાન્યતા છે.

પ્રશ્ન ૨૨-પ્રતિક્રમણ કર્યા અગાઉ જિનમંદિરમાં જઇ ચૈત્યવંદન કરીને આવેલ હોય તેને પ્રતિક્રમણના પ્રારંભમાં કે પ્રાંત ભાગમાં ચૈત્યવંદન કરવાની શી જરૂર છે ?

ઉત્તર-પ્રતિક્રમણના પ્રારંભમાં જે ચૈત્યવંદન કરવામાં આવે છે તે પ્રતિક્રમણની વિધિને લગતું છે અને પ્રાંતે ચઉક્કસાયનું કરવામાં આવે છે તે શયન વખતે કરવાનું તે છે. તેથી તે બે ચૈત્યવંદન દેરાસરમાં ચૈત્યવંદન કરી આવનારને પણ કરવાનાજ છે.

પ્રશ્ન ૨૩-પ્રતિક્રમણની અંદર કાઉસગ્ગ કરવામાં આવે છે તેનું જુદું જુદું પ્રમાણ ઠરાવવામાં કાંઇ ખાસ યોગિક ધ્યાનને લગતું કારણ છે? એક અથવા વધારે લોગસ્સના કાઉસગ્ગમાં લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી ગણવામાં આવે છે, તે પ્રમાણે લોગસ્સ ખંડિત ગણવાનું શું કારણ છે? નવકાર તો ચાર ગણવામાં ૩૨ શ્વાસોશ્વાસ થાય, છતાં ચોથો નવકાર ખંડિત ગણવામાં આવતો નથી.

ઉત્તર-કાયોત્સર્ગનું પ્રમાણ ઠરાવવામાં જે કાંઇ ગુઢ હેતુ રહ્યો હશે તે જ્ઞાનીગમ્ય છે, એમાં યોગ ને ધ્યાનનો પણ સમાવેશ છે, પણ તે આપણે સમજી શકીએ તેમ નથી. લોગસ્સના ચંદેસુ નિમ્મલયરા સુધી ૨૫ પદ ગણવામાં આવે છે, તેમાં મુખ્યતા શ્વાસોશ્વાસ પ્રમાણે ઠરાવેલા પદો ગણવા તેજ છે. મન બીજે ભમી ન જાય-સ્થિર રહે તેટલા માટેજ તેટલા પદો સંભારવાના છે. એમાં ખંડિત ગણવા સંબંધી બાધક સમજવાનો નથી, કારણ કે એમાં મુખ્યતા શ્વાસોશ્વાસની સંખ્યાની છે. નવકાર ગણવાનું તો લોગસ્સ જેટલું પણ ન શીખેલા શ્રાવક શ્રાવિકા થયા ત્યારે ઠરાવવું પડ્યું છે, તેમાં નવકારને ખંડિત ગણવાનું તેવું ઠરાવનારને યોગ્ય લાગ્યું નહિ હોય તેજ કારણ છે.

પ્રશ્ન ૨૪-એ કાઉસ્સગ્ગોમાં લોગસ્સ અથવા નવકારજ ગણવાનું કહેલું છે, તો તેને બદલે તેટલા પદવાળા બીજા સૂત્રો ગણી શકાય કે નહીં ?

ઉત્તર-મર્યાદા એક સરખી રહેવા માટે તેમજ આજ્ઞાની પ્રધાન્યતા સ્વીકારવા માટે લોગસ્સ ને નવકારજ ગણવા. તેને બદલે બીજા સૂત્રો ગણવા નહીં-ગણી શકાય પણ નહીં.

પ્રશ્ન ૨૫-પૌષધ શબ્દનો વાચ્યાર્થ ને ભાવાર્થ શું છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—ચારિત્રધર્મનું પોષણ કરે તે પોષધ કહેવાય છે. તેમાં ભાવાર્થ પણ તેને અનુસરતોજ રહેલો છે. તેના ચાર પ્રકાર આહાર પોસહ, બ્રહ્મચર્ય પોસહ, અવ્યાપાર પોસહ ને શરીરસત્કાર પોસહ નામના છે. પરંતુ તે ચારેમાં આહારનો ત્યાગ, બ્રહ્મચર્યનું પાલન, અવ્યાપારમાં સ્થિરતા અને શરીર સત્કારનો ત્યાગ એમ કરવાનો છે.

# मूर्त्तिपूजाना विषयमां विशेष वृद्धि क्यारथी थइ ?

મૂર્ત્તિપૂજા જો કે પ્રાચીન કાળથી ચાલી આવે છે, તે કાંઇ નવી શરૂ થયેલી નથી. ચાર નિક્ષેપા પૈકી સ્થાપના નિક્ષેપો એ મૂર્ત્તિદ્વારા સિદ્ધ થાય છે. જગતનો એક પણ વ્યવહાર સ્થાપના શિવાય ચાલી શકે તેમ નથી. વ્યાપારીના ચોપડા, વેપારીઓની હુંડી એ શું સૂચવે છે ? એમાં આંકડા છે તે શું છે ? એક ચીઠ્ઠી (હુંડી) બતાવતાં હજાર રૂપીઆ મળે છે, તે શું સૂચવે છે ? હુંડીમાં શું લખેલ છે ? **અક્ષરો.** તે રૂપીઆની સ્થાપના છે અને તેથીજ તેમાં લખેલા આંકડા પ્રમાણે રૂપીઆ મળે છે.

આપણા દેશમાં ચિત્ર કાઢવાનો અને કોઈ મહાન્ પુરૂષ કે જે સ્મરણ કરવા લાયક હોય તેની છબી ચિતરાવવાનો રીવાજ તો લાંબા વખતથી ચાલ્યો આવે છે. એ પ્રત્યક્ષ રીતે સ્થાપનાજ છે; પરંતુ એમાં ઘણી વૃદ્ધિ લગભગ પચાસ વર્ષોમાં—જોતાજોતામાં વધી પડેલી ફોટોગ્રાફીની કળાથી થયેલ છે. એ કળાને લઇને ખર્ચ ઓછો લાગવાથી ફોટોગ્રાફ પડાવવાનું કામ વધી પડેલું છે. જેઓ મૂર્ત્તિપૂજાની ના પાડનારા છે એવા યુરોપીયનો તેમજ પારસીઓ વિગેરે પણ તે બાબતમાં બહુજ આગળ વધેલા છે. તેમનામાં તો ફોટોગ્રાફ વિનાની વ્યક્તિ કવચિતજ મળી શકે છે.

આ ફોટોગ્રાફથી મૂર્ત્તિપૂજાનો સ્વીકાર થાય છે. એમ તેઓ એકાએક સ્વીકારી શકતા નથી; પરંતુ તેમને પૂછવામાં આવે કે 'તમારા માનનીય—પૂજ્ય પુરૂષની છબી—ફોટોગ્રાફની સામી દૃષ્ટિ કરીને જો કોઈ તેની નિંદા કરે, તેને માટે અપમાનકારક શબ્દો બોલે, તો તમને ખેદ થાય કે નહીં ?' જો થાય, તો તેનું કારણ શું છે ? કારણ એજ છે કે 'તેમને તે છબીવાળી વ્યકિત ઉપર પ્રેમ છે, રાગ છે, પૂજ્ય ભાવ છે.' આ મૂર્ત્તિપૂજા નથી તો બીજું શું છે ? સ્થાનકવાસી બંધુઓ કે જેઓ અરિહંતની મૂર્ત્તિનો અસ્વીકાર તેમજ અનાદર પણ કરે છે, તેઓ પણ પોતાના મહાત્મા મુનિઓની છબીઓ પડાવતા થયા છે, તેને પગે લાગે છે અને પર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્માની મૂર્ત્તિને પગે લાગતાં શરમ થાય છે.

ઇંગ્રેજી રાજ્ય થતાં બાવલાં બનાવવાનો રીવાજ પણ વધી પડેલો છે. રાજા મહારાજાના, જાહેર પુરૂષોના, પરોપકારપરાયણ શહેરીઓના બાવલા બનાવી જાહેર સ્થાનમાં મૂકવામાં આવે છે. તેનું યોગ્ય સંરક્ષણ કરવામાં આવે છે, અમુક પ્રસંગે તેમને પુષ્પહાર પહેરાવવામાં આવે છે અને શોભાવવામાં આવે છે. આ બધો અમુક રીતે મૂર્ત્તિપૂજાનોજ પ્રકાર છે.

મુંબઇ શહેરમાં મહારાણી વિક્ટોરીઆના બાવલાનું મોઢું કોઇ નાદાને શ્યામ કરેલું, તે વખત તેને માટે કેટલી તજવીજ થઇ હતી, અને જો તે કાર્ય કરનાર સપડાયો હોત તો તેને સજ્જડ શિક્ષા થાત એ ઉઘાડી વાત હતી. આ શું સૂચવે છે ? તે માણસે કોનું અપમાન કર્યું હતું ? સર્વે પ્રજા અને રાજવર્ગ ચોકસ માનતો હતો કે મહારાણી વિક્ટોરીઆનુંજ તેણે અપમાન કર્યું હતું. જ્યારે એક મનુષ્યના બાવલા માટે આમ માનવામાં આવે છે ત્યારે પરમાત્માની મૂર્ત્તિની પાસે બેસી તેમની ભક્તિ અને સ્તુતિ કરી તે દ્વારા તે પરમાત્મા કે જે અત્યારે સિદ્ધિસ્થાનમાં બીરાજે છે, તેમની ભક્તિ અને સ્તુતિ કરવામાં ખામી શા માટે રાખવી જોઇએ ? એ પ્રમાણેની ભક્તિથી કાંઇ તે મહાપુરૂષો તીર્થંકરાદિ આપણને લાભ કરવા અહીં આવતા નથી કે ત્યાંથી લાભના સાધન મોકલતા નથી, પરંતુ આપણો આત્મા સત્યગુણાનુરાગી હોવાથી આપણા આત્મામાં તેવા ઉત્તમ ગુણો પ્રગટે છે. તે રીતે આપણને પરમ લાભ થાય છે.

આ સંબંધમાં ઘણું લખી શકાય તેમ છે. પરંતુ આ તો એક ફોટોગ્રાફ જોવાથી થયેલી તાત્કાલિક સ્ફુરણાજ લેખદ્વારા પ્રદર્શિત કરી છે. વિદ્વાનો આ ઉપરથી ઘણું વિશેષ અજવાળું પાડી શકે છે.

## प्रश्नो.

( લેખક—એક જૈન મુનિ )

૧ ઓસવાળ, ખંડેરવાળ, પોરવાળ, અગ્રવાળ, શ્રીમાળ, શ્રીશ્રીમાળ વિગેરેનો પરસ્પર ખાનપાન અને બેટી વ્યવહાર થઇ જાય તો તેમાં કાંઇ શાસ્ત્રીય બાધ છે અને તમારી સલાહ તે બાબતમાં શું છે ?

૨ ઉપરની જાતિઓ રજપુત, ક્ષત્રી, વૈશ્ય ને બ્રાહ્મણ વર્ગમાંથી થયેલી છે, તો બ્રાહ્મણ ક્ષત્રી ને વૈશ્યવર્ણની કન્યાઓ સાથે લગ્ન કરવા યોગ્ય છે કે અયોગ્ય છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ વર્તમાન સમયમાં જે કોઇ અન્ય કોમની કન્યા લાવેલ છે તેને સર્વથા સમાજથી દૂર કરેલ છે તે વ્યાજબી છે ?

૪ જાતિથી દૂર કરવા માટે શું શું કારણો જોઈએ ? અને ધર્મથી દૂર કરવા માટે શું શું કારણ જોઇએ ?

૫ જૈનમાં જ્ઞાતિભેદ છે કે નહિ ?

૬ જૈન કોઈ પતીત થઈ ગયો હોય તો તેને ફરીને શુદ્ધ કરી જૈનમાં (ઓસવાળ આદિ જ્ઞાતિમાં) સામેલ કરી શકાય કે નહીં ?

૭ દશા વીશાનો જે ભેદ છે તે કાઢી નાખવા યોગ્ય છે કે નહીં ?

૮ ગુજરાત દેશમાં હાલ કોઈ એવી વણિક જાતિ છે કે જેમાં વિધવાવિવાહ થતો હોય, જૈનધર્મ પાળતા હોય ને સ્વામીવાત્સલ્યાદિમાં સામીલ કરતા ન હોય ?

આના ઉત્તરો સુજ્ઞ મુનિરાજ અથવા શ્રાવક બંધુ લખી મોકલશે એવી આશા છે. તે હવે પછીના અંકમાં પ્રગટ કરશું. તંત્રી

# જૈન ધર્મ પ્રકાશને પ્રેમ પુષ્પાંજલી.

### દોહરા.

અજ્ઞાનરૂપી તિમિરનો, કરવા સત્વર નાશ;
પ્રેમે પ્યારા વાંચશો, જૈન ધર્મ પ્રકાશ. ૧
ચંદ્રની જેવી શીતળતા, વળી કરે ઉજાશ;
નામ પ્રમાણે લેખજો, જૈન ધર્મ પ્રકાશ. ૨
આરોગી[૧] અંગ રાખવા જો મન રાખો આશ;
અંતર ચોખું રાખવા, વાંચો જૈન પ્રકાશ. ૩
ગ્રાહક બનો હોંશે તમે, ખબર જાણવા ખાસ;
જ્ઞાનમાં વૃદ્ધિ પમાડતું, જૈન ધર્મ પ્રકાશ. ૪
શાંત મુનિ ગુરૂરાયના, પદ વંદે પુન્ય રાશ;
મણિલેખ[૨] પેખે ઘણા, જૈન ધર્મ પ્રકાશ. ૫

માસ્તર મણિલાલ કસ્તુરચંદ–થરા.

૧ આરોગ્યતાવાળું. ૨ મણિ જેવા ઉત્તમ લેખો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वर्तमान समाचार.

## શ્રી જઘડીયા તીર્થે સાધર્મી સંમેલન.

રડોદરાવાળા વકીલ નંદલાલ લલ્લુભાઇએ જઘડીઆ તીર્થે વ્રતધારી બંધુઓનું ફાગણ વદિ ૧ ઉપર ત્રણ દિવસનું સંમેલન કરવાના આમંત્રણ બહાર પાડ્યા હતા. આ વિચાર બહુ ઉત્તમ પ્રકારનો કર્યો છે. તે આમંત્રણ અનુસાર મળેલા બંધુઓ ધર્મચર્ચા કરવાના હતા. એ સંબંધી વધારે હકીકત મળેથી પ્રગટ કરશું. તેમણે વ્રતધારીઓનું એક મંડળ બાંધ્યું છે.

## શ્રી અંતરિક્ષજીમાં ખાસ મહોત્સવ.

દિગંબરી બંધુઓએ એ પ્રાચીન મૂર્તિનો કચ્છોટ ને કંદોરો ઘસી નાખ્યો હતો, તે એ તીર્થના સંબંધમાં આપણા લાભમાં ફેસલો થયા બાદ આપણી તરફથી લેપ કરીને તૈયાર કરવામાં આવેલ છે. તે સંબંધમાં શાંતિસ્નાત્ર ને અઠ્ઠાઇ મહોત્સવ ચૈત્રી પૂર્ણિમા ઉપર કરવાના છે. તે સંબંધમાં ત્યાંના કારખાના તરફથી સર્વે જૈન બંધુઓને ત્યાં પધારવા માટે આમંત્રણ કરવામાં આવેલ છે.

## ભાવનગરમાં થયેલ અગ્નિનો ઉપદ્રવ.

ફાગણ શુદિ ૭ બુધવારની સવારે વળી વાંસ વિગેરેની લાતીમાં અગ્નિનો ઉપદ્રવ થયો હતો. પાંજરાપોળ તેને લગતી હોવાથી તેની ઉત્તર બાજુની ડેલીને પણ અગ્નિ લાગ્યો હતો, તેથી તે બાજુનો ભાગ મોટે ભાગે બળી ગયો છે. બે ત્રણ ઘાસની વખારોને પણ તે ઉપદ્રવ લાગ્યો છે. તે ભાગનો વીમો છે, તેથી કેટલીક નુકશાની મળશે, પરંતુ વીમો ઓછો હોવાથી અને ઘાસનો વીમો ન હોવાથી કેટલીક નુકશાની પાંજરાપોળને સહન કરવી પડશે. દુષ્કાળનો ઉપદ્રવ તો હતોજ, તેમાં આ ઉપદ્રવે વૃદ્ધિ કરી છે. આ વર્ષનું ખર્ચનું પ્રમાણ બહુ વધી ગયું છે. ઉદાર દિલના બંધુઓ તરફથી આશ્રય મળવાની અપેક્ષા છે.

## શમીમાં ઉજમણું તથા શાંતિસ્નાત્ર.

પંન્યાસજી ભક્તિવિજયજી મહારાજના ઉપદેશથી શમી તાબે રાંધનપુરનિવાસી શ્રાવક વડેચા ગેલચંદ મગનચંદે માહવદિ ૧૦ મે શમીમાં નવપદનું-નવ છોડનું ઉજમણું માંડ્યું હતું. તેને અંગે અઠ્ઠાઇમહોત્સવ કર્યો હતો તથા શાંતિસ્નાત્ર પણ ભણાવ્યું હતું. રાંધણપુરની મંડળીઓ આવવાથી પૂજા ભણાવવામાં બહુ આનંદ આવ્યો હતો. બહારગામથી ઘણું માણસ આવ્યું હતું. તેને માટે આઠ દિવસ રસોડું ખુલું રાખ્યું હતું અને બે દિવસ નવકારશી કરી હતી. રથયાત્રાનો વરઘોડો બહુ સરસ ચઢાવ્યો હતો. દેવદ્રવ્યની ઉપજ બહુ સારી થઇ હતી તેમજ જીવદયાની ટીપ પણ થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી. તેમની સાથે વહોરા મીયાચંદ કરશન તરફથી પાંચ છોડ બાંધવામાં આવ્યા હતા. તેમણે પણ નવકારશી કરી હતી.

## શ્રી ઉમેટામાં સૂરિજીના ચતુર્માસથી થયેલા લાભ.

આચાર્ય શ્રી વિજયકમળસૂરિજીના ચતુર્માસથી ઉમેટામાં અનેક પ્રકારના લાભો થયા છે. ત્યાંના મહારાજાએ જીવદયાને લગતો હુકમ બહાર પાડ્યો છે, ઉપાશ્રય થયો છે, પાઠશાળા સ્થપાણી છે. સો વરસનું દેવકું લેણું પતી ગયું છે ને જૈન બંધુઓ દેવદ્રવ્યના દોષમાંથી છુટ્યા છે. આરતી ને પૂજાનું ઘી બોલાવું શરૂ થયું છે, જેથી દેવદ્રવ્યની આવકમાં વૃદ્ધિ થઇ છે. મુનિરાજ શ્રી નરેંદ્રવિજયજીના પ્રયાસથી સમુદાયે મળી કેટલાક જરૂરી સુધારાઓ કર્યા છે અને તે સંઘને ચોપડે લખીને સહીઓ કરી છે. તપસ્યાઓ પણ ઘણી થઇ છે. શ્રાવક શ્રાવિકાઓ ધર્મકાર્યમાં વિશેષે જોડાયા છે. આ બધા કાર્યોમાં સર્વથી શ્રેષ્ટ કાર્ય ત્યાંના ઠાકોર સાહેબે શ્રાવણ શુદિ ૧ થી ભાદ્રપદ શુદિ ૪ સુધી પોતાના રાજ્યમાં જીવહિંસા બંધ કરી છે તે થયું છે. એમાં પૂર્વપુરૂષોના પ્રયાસથી થયેલા ફળનું પ્રદર્શન થયું છે. અમે નામદાર ઠાકોર સાહેબને ધન્યવાદ આપીએ છીએ અને આચાર્યશ્રીના ઉપદેશનું શુભ ફળ તેમણે [illegible]યું તેને માટે તેમને ભાગ્યશાળી માનીએ છીએ.

## શ્રી છાણીમાં થયેલ ઇનામનો મેળાવડો.

વડોદરા પાસે આવેલા છાણી ગામમાં માહ વદિ ૧૦ મે આચાર્ય શ્રી વિજયકમળસૂરિ મહારાજના પ્રમુખપણા નીચે શ્રીમાન્ મુળચંદજી મહારાજના નામથી સ્થપાયેલ જૈન પાઠશાળામાં ઇનામનો મેળાવડો થયો હતો. પ્રારંભમાં જૈનશાળાના બાળકોએ ગાયનવડે શ્રોતાઓના મનનું રંજન કર્યું હતું. ત્યારબાદ સૂરિજીના અસ્ખલિત ઉપદેશથી પાંચ વર્ષ સુધી વાર્ષિક રૂા. ૧૦૦૦)ના ખર્ચે એ પાઠશાળા ચલાવવાનો નિરધાર થયો હતો. મુનિરાજ શ્રી નરેંદ્રવિજયજીના ઉપદેશથી પ્રથમ પણ એ શાળાને સારી રકમનો લાભ મળ્યો હતો. સૂરિજી મહારાજે તેમજ શાળાના માસ્તરે પ્રાંતે વ્યાખ્યાનો કર્યા હતા અને ત્યારબાદ ઇનામો આપીને મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો. આચાર્ય મહારાજના ઉપદેશથી પૂજા આરતીનું ઘી બોલાવવાનું શરૂ થવાથી દેવદ્રવ્યમાં પણ વૃદ્ધિ થવાનું થયું છે. મુનિરાજનો વિહાર સર્વત્ર અનેક પ્રકારના લાભોજ કરે છે.

## દિગંબર ભાઇઓ સાથે ચાલતા કેસોમાં ફત્તેહ.

આ બંધુઓ સાથેના કેસમાં મકશીજી અને અંતરિક્ષજીમાં તો આપણા લાભમાં ફેસલા થયા હતા. હાલમાં સંમેતશિખરજી સંબંધી કેસને અંગે વિલાયત પ્રીવી કાઉન્સીલમાં તેઓએ કરેલી અપીલ નીકળી ગયાના ખબર મળ્યા છે. આ પ્રમાણે થાય છે છતાં હજુ એ બંધુઓ પોતાના પ્રયાસમાં મંદ થતા નથી તેનું કારણ સમજી શકાતું નથી. કદી કોઇ બાબત આપણા ને તેમના વચ્ચે વિચાર ભેદ થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



...નો સવાલ ઉત્પન્ન થાય તે અંદર અંદર સમજીને નીકાલ થવો જોઈએ, ...જ શોભા છે શિખરજીના સંબંધમાં બાબુસાહેબ રાયબદ્રીદાસજી બહાદુરના ... બાબુ રાજકુમારસિંહજી વિગેરે કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે.

## પુસ્તકો અને રિપોર્ટોની પહોંચ.

### ૧ શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક એસોસીએશન દેશ મેવાડનો બીજો દ્વિવાર્ષિક રિપોર્ટ.

(સં. ૧૯૭૭ના અશાડ શુદિ ૫ થી સં. ૧૯૭૯ના અશાડ શુદિ ૫ સુધીનો.)

આ રિપોર્ટની અંદર અનેક બાબતો સમાવી છે. એસોસીએશનના તાબાના તમામ ખાતાનો ઉપજ ખર્ચનો હીસાબ આપ્યો છે. પ્રારંભમાં કાંકરોળીમાં થયેલો અત્યાચાર કે જે મુસલમાની વખતને યાદ કરાવે છે તે સંબંધી હકીકત આપેલી છે. પાછળના ભાગમાં સદ્‌ગુણી બંધુ મગનલાલ પુંજાવતના થયેલા અભાવ સંબંધી હકીકત આપી છે. એ બંધુને માટે અમને પણ બહુમાન છે. અમે પણ તેમના આત્માને શાંતિ ...ીએ છીએ. આ રીપોર્ટના પ્રકાશક તે ખાતાના સેક્રેટરી મદનસિંહજી કોઠારી ઉદેપુરનિવાસી છે. અમે એ ખાતાની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

### ૨ પૂજ્ય શ્રી લાલજી મહારાજનું જન્મ ચરિત્ર.

આ સ્થાનકવાસી મહાત્માનું ચરિત્ર દુર્લભજી ત્રિભુવન ઝવેરી, મોરબી-નિવાસીનું લખેલું, શા. રા. હેમચંદ રામજી મહેતાને અર્પણ કરેલું છે. તે બહુ ઓછી કિંમતે આપવા માટે શ્રી બીનાસરના એક ગૃહસ્થે રૂ. ૨૦૦૦) ની સહાય આપી છે, તેથી પડતર વધારે છતાં માત્ર રૂ. ૧) જ કિંમત રાખી છે. સરલ ગુજરાતી ભાષામાં લખેલું છે. વાંચવા લાયક છે. હકીકત ઘણી સમાવી છે. સભાને તેની એક નકલ ભેટ મળી છે તે સ્વીકારીએ છીએ.

### ૩ શ્રી નવસ્મરણ સચિત્ર–અનુવાદ યુક્ત.

આ બુક જૈનપત્રકારે ભેટ તરીકે આપેલી છે. તેમાં નવસ્મરણનો પદ્યબંધ અનુવાદ દુર્લભજી ગુલાબચંદ મહેતા વળાનિવાસીનો કરેલો દાખલ કરેલ છે. ગુજરાતી અર્થ પણ આપેલા છે. પ્રારંભમાં સ્વ૦ ભા૦પ્રેમચંદ ત્રિભુવનદાસનો ફોટો છે અને કલ્યાણમંદિરમાં જુદા જુદા ૭ ફોટા આપેલા છે. તે પાર્શ્વનાથજીના જ છે. તેમાં એક ઉભો છે, એક લાલ છે. તિજયપહુત્તને અંગે સર્વતોભદ્ર યંત્ર બે પ્રકારના આપ્યા છે. અને ૧૭૦ પ્રભુનો લાલ ફોટો આપેલો છે. બુક ઘણી ઉપયોગી બનાવી છે; પરંતુ કિંમત રૂ. ૨) રાખી છે તે વિશેષ છે. કિંમત વધારે હોવાથી તેનો પૂરતો લાભ લેવાતો નથી. ગ્રાહકોને ભેટ તરીકે આ બુકનો લાભ મળ્યો છે તે બહુ યોગ્ય થયેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

## ૧ છપાય છે.

૧ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર–વિભાગ ૨ જો.
૨ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૭–૮–૯ (આવૃત્તિ ત્રીજી.)
૩ શ્રી વર્ધમાન દેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે.
૪ શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય. (જૈન ધર્મ પ્રકાશમાંથી)
૫ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૩ થી ૬. (આવૃત્તિ ૩ જી.)
૬ શ્રી ભોજ પ્રબંધ ભાષાંતર.
૭ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. મૂળ, સાર્થ. કથાઓ સહિત.
૮ ગવાણુ યાત્રાનો અનુભવ. (આવૃત્તિ બીજી)

## ૨. તૈયાર થાય છે.

૯ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર
૧૦ શ્રી પ્રકરણ પુષ્પમાળા. વિભાગ ૩ જો. (નાના નાના પ્રકરણો–સાર્થ.)
૧૧ ચારે દિશાના તીર્થોની તીર્થમાળા. (સાર્થ)

## સભામાં નવા દાખલ થયેલા મેમ્બરો.

૧ શા. ધ. મોહનલાલ હઠીચંદ દેસાઇ. મુંબઇ. લાઇફમેમ્બર.
૨ શા. ભગવાનલાલ નરશીદાસ. ભાવનગર. વાર્ષિક મેમ્બર.
૩ શા. તારાચંદ હીરાચંદ. ” ”
૪ શા. પીતાંબર હાથીચંદ ” ”

**શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર દશે પર્વ મળી શકે છે.**
**દરેક જૈન બંધુએ અવશ્ય રાખવા લાયક છે.**

વિભાગ ૧ લો. પર્વ ૧–૨. શ્રી ઋષભદેવ–અજિતનાથ ચરિત્ર. ૩–૪–૦
વિભાગ ૨ જો. પર્વ ૩ થી ૬. શ્રી સંભવનાથજીથી મુનિસુવ્રત સ્વામી સુધીના ચરિત્ર. ૨–૪–
વિભાગ ૩ જો. પર્વ ૭–૮–૯. જૈન રામાયણ અને ૨૧–૨૨–૨૩ મા પ્રભુના ચરિત્રો. ૪–૦–
વિભાગ ૪ થો. પર્વ ૧૦ મું. શ્રી મહાવીર સ્વામી ચરિત્ર. ૨–૮–

ચારે વિભાગ સાથે મંગાવનાર પાસેથી રૂા. ૧૧) લેવામાં આવશે.

પરિશિષ્ટ પર્વ ભાષાંતર પણ આના સંબંધમાંજ છે, તેમાં શ્રી જંબૂસ્વામી ચરિત્ર ૧૯ કથાઓ સાથે અને બીજા આચાર્યોનાં ચરિત્રો છે. ૧–૮–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


તૈયાર છે.

## શ્રી મુનિસુંદર સૂરિકૃત–
## શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ.

આવૃત્તિ ત્રીજી.

અધ્યાત્મ શબ્દ પર નોટ, સૂરિ મહારાજનું ચરિત્ર અને સમતા આદિ સોળ અધિકારપર વિવેચન કર્તા–મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ–સોલીસીટર

આ ગ્રંથ અમારા તરફથી ફરીવાર મુંબઈ નિર્ણયસાગર પ્રેસમાં છપાવ્યો છે.

કિંમત. ૨–૮–૦ પોસ્ટેજ રૂ. ૦–૮–૦

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

---

## શ્રી ઉપદેશ પ્રસાદ ગ્રંથ. મૂળ. ભાગ ૪ થો. સ્થંભ ૧૯થી ૨૪.

કિંમત ત્રણ રૂપીઆ

આ ભાગ હાલમાં બહાર પડ્યો છે. એમાં એ ગ્રંથ પૂર્ણ થયો છે. એની અંદર સહાય બીલકુલ મળેલી નથી, છતાં અનેક સંસ્થાઓને તેમજ મુનિમહારાજને અને સાધવીજીને ભેટ અપાયેલ છે, જે મંગાવે તે સર્વને ભેટ આપવાના સંબંધમાં અમે નિરૂપાય છીએ. લાઈફ મેમ્બરને કિંમતમાં એક રૂપીયો ઓછો લેવામાં આવે છે. પોસ્ટેજ આઠ આના લાગે છે. બહુજ ઉપયોગી છે.

---

## શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર દશે પર્વ મળી શકે છે.
## દરેક જૈન બંધુએ અવશ્ય રાખવા લાયક છે.

વિભાગ ૧ લો. પર્વ ૧–૨. શ્રી ઋષભદેવ–અજિતનાથ ચરિત્ર. ૩–૪–૦

વિભાગ ૨ જો. પર્વ ૩ થી ૬. શ્રી સંભવનાથજીથી મુનિસુવ્રત સ્વામી સુધીના ચરિત્ર. ૨–૪–૦

વિભાગ ૩ જો. પર્વ ૭–૮–૯. જૈન રામાયણ અને ૨૧–૨૨–૨૩ મા પ્રભુના ચરિત્રો. ૪–૦–૦

વિભાગ ૪ થો. પર્વ ૧૦ મું. શ્રી મહાવીર સ્વામી ચરિત્ર. ૨–૮–૦

**ચારે વિભાગ સાથે મંગાવનાર પાસેથી રૂા. ૧૧) લેવામાં આવશે.**

પરિશિષ્ટ પર્વ ભાષાંતર પણ આના સંબંધવાળુંજ છે, તેમાં શ્રી જંબૂસ્વામીનું ચરિત્ર ૧૯ કથાઓ સાથે અને બીજા આચાર્યોનાં ચરિત્રો છે. ૧–૮–૦


---

## ચૈત્ર માસની વધઘટ ને જૈન પર્વ.

શુદિ ૧ શનીવાર. તા. ૫ મી માર્ચ સને ૧૯૨૪. સં. ૧૯૮૦

વદિ ૬ નો ક્ષય. શુદિ ૭ શુક્રવાર–ઓળી બેઠી.

શુદિ ૫ બુધ–રોહિણી. શુદિ ૧૫ શની–ઓળી સંપૂર્ણ,

શુદિ ૧૩ ગુરૂ–મહાવીર જયંતી ( જન્મ ) સિદ્ધાચળ યાત્રા. ચૈત્રી પુનમ.

For Private And Personal Use Only